મુક્તિ માર્ગના

નાના-મોટા સહુ સાધકોના જીવનમાં

પ્રકાશ પાથરતું

# મુક્તિ કૃપા

મે
૨૦૨૧

વર્ષ
૨૯

અંક
૩

# મુક્તિ કૃપા

સળંગ અંક ૧૧૫
વર્ષ ૨૯ અંક ૩

**દિવ્ય કૃપા :**
સ્વ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.દે.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
નવકારમંત્રના આરાધક બા.બ્ર.પ.પૂ.સા.



શ્રી મુક્તિશ્રીજી મ.સા.


**શુભાશિષ :**
વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**પ્રેરણા - માર્ગદર્શન :**



પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.

**પ્રકાશક :**
શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી
**મેનેજીંગ ટ્રસ્ટી :**
શ્રી પ્રજેશભાઇ વિરચંદભાઇ નારાણજી



સંસ્થાપક :
સ્વ. વિરચંદભાઇ નારાણજી કાનજી

**આદ્ય સંપાદિકા :**
સ્વ. ઇન્દિરાબેન જયંતીલાલ વિકમશી
B.com(Hons.) FGA (Lon) F.F.I.S.E.M.

**માનદ્ સંપાદિકા :**
શિલ્પાબેન અજાણી
(B.com, D.G., F.G.A. (Lon), F.F.I.G.)

## વિષયાનુક્રમ

૧. અર્હતની આંગળીયે...શિલ્પાબેન અજાણી.૦૧
૨. નામ હૈ તેરા તારણહારા..................૦૬
૩. દેશાવગાસિક વ્રત....................૦૮
૪. જયલક્ષ્મી બાગ..........................૧૨
૫. વિમલગિરિ..............................૧૬
૬. શોધીલે જીવનનો સાર...................૧૭
૮. CHILDREN'S CORNER..............૨૦
૯. ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા...................૨૩



**પ્રેરણા - માર્ગદર્શન**
ખાનદેશરત્ના પ.પૂ. ડો. સાધ્વી
શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.
સંકલન -
સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.

## અગત્યની સુચના :
### સહુ વાંચકો માટે : સહુ લેખકો માટે

જય જિનેન્દ્ર સહ સહુ વાંચકોને જણાવવાનું કે તમને તમારી કોઇ પણ કૃતિઓ ''મુક્તિ કૃપા''માં છપાવવી હોય તો તે કૃતિઓ સીધી પ્રેસ ઉપર મોકલવી નહીં. પ્રેસ ઉપર મોકલવામાં આવતી કોઇ કૃતિનો સમાવેશ મુક્તિ-કૃપામાં કરવામાં આવશે નહીં. તમારે તમારી કૃતિઓ ''મુક્તિ-કૃપા'' ના હુબલી સ્થિત મુખ્ય કાર્યાલયમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તમારી કૃતિઓ યોગ્ય લાગશે તો જ ''મુક્તિ-કૃપા''માં છાપવામાં આવશે. ન છપાયેલ કૃતિઓ પાછી મોકલવામાં આવશે નહીં.

લિ. શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ

NARANJI KANJI CHARITABLE TRUST,
2ND FLOOR, BUILDING NO 2,
ENKAY COMPLEX, KESHWAPUR,
HUBBALLI - 5800 23.
(KARNATAKA STATE) Mo. 9448350125

## શ્રુત રત્ન

૧. નરશી જેઠાભાઇ દંડ — વરાડીયા- મલકાપુર
૨. વીરચંદ નારાણજી કાનજી — નલીયા-હુબલી
૩. સ્વ. માતાજી નેણબાઇ ઉંમરશી માલશીના સ્મરણાર્થે હઃ રવિન્દ્ર નરશી લોડાયા — નલીયા
૪. ગોવિંદજી લખમશી લોડાયા — સુથરી
૫. ટોકરશી દામજી ઘરમશી — જસાપર
૬. શ્રી પારોલા ક.દ.ઓ. જૈન મહાજન — પારોલા
૭. સોમચંદ ભાણજી લાલકા — વારાપઘર
૮. ચાંપશી માણેકજી લોડાયા — સાંઘવ
૯. ચીમનલાલ નરશી પાસુભાઇ છેડા હ : પુષ્પાબાઇ ચીમનલાલ છેડા — કોડાય
૧૦. મનોહર ટી. છાબરીયા — મુલુંડ
૧૧. કેકીન દીનેશ દંડ — મુલુંડ
૧૨. માણેકજી કુંવરજી નાગડાના સ્મરણાર્થે હ : પ્રતાપ માણેકજી શાહ — હુબલી
૧૩. ઉમરશી માલશી લોડાયાના સ્મરણાર્થે હઃ શા પ્રફુલ નરશી લોડાયા — નલીયા
૧૪. ઝવેરચંદ ખીમજી મોમાયા — ડુમરા
૧૫. લક્ષ્મીચંદ કેશવજી માંડણ — વારાપઘર
૧૬. માતુશ્રી નવલબાઇ નરશી સોની — સુથરી
૧૭. હેમલતાબેન વસંતકુમાર વિકમશી — દાદર
૧૮. શાહ ગોવીંદજી શીવજી લોડાયા પરિવાર ઘાટકોપર
૧૯. શ્રીમતી જ્યોતિ ચિમનલાલ ખોના — સાયન
૨૦. સ્વ. માણેકજી નરશી લોડાયા (ઉર્ફે બાબુભાઇ શેઠ ગુંદરવાળા) ઘનલક્ષ્મીબેન ઘનરાજ કુરવા હાલ — કેનેડા
૨૧. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિર અને શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વે. સંઘ — માટુંગા
૨૨. શ્રીમતી રમીલાબેન મણીલાલ ભટારા (મોમાયા) — નલિયા-ઘાટકોપર
૨૩. શ્રી બાબુભાઇ એમ. છેડા — માટુંગા-મુંબઇ
૨૪. શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ — દેવલાલી (કેમ્પ)
૨૫. શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ — દેવલાલી
૨૬. શ્રીમતી ઇંદીરાબેન જયંતિલાલ વીકમશી — મુંબઇ
૨૭. પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સ્મૃતિ અર્થે શ્રી કચ્છી હીતવર્ઘક ગૃહ ઉદ્યોગ કેન્દ્ર — હુબલી
૨૮. બેન નવલબાઇ હંસરાજ લોડાયા હઃ જયાબાઇ ગુલાબચંદ ડાઘા — પારોલા
૨૯. બાઇ લક્ષ્મીબાઇ દામજી પોલડીયા — ફૈજપુર
૩૦. ચિ. દલેશભાઇ તથા નિલમબેનના વર્ષીતપ અનુમોદનાર્થે શ્રીમતી જયાબાઇ ઝવેરચંદ મોમાયા સાહેરા — ચાલીસગાંવ
૩૧. ચિ. પલ્લવી વીરચંદ શાહ હઃ સૌ. વિમલા (કસ્તુરી) વીરચંદ શિયાળ — નાંદેડ
૩૨. શ્રીમતી મઘુરીબાઇ નવીનચંદ સોનાવાલા — બેંગલોર
૩૩. શ્રીમતી ગુણવંતીબેન રતિલાલ શાહ — બુ-હાનપુર
૩૪. માતુશ્રી દેવકુંવરબેન મેઘજી વેલજી ઘરમશી હઃ ડો. ઉર્વશી, પ્રિયવંદા, તક્ષશિલા અને વિઘાતા –ગોરખડી
૩૫. માતુશ્રી માનબાઇ માલશી કલ્યાણજી મોતા – કુવાપઘર હાલ કલકત્તા હસ્તે કવિ પ્રેમચંદ મોતા
૩૬. શ્રી હીરાચંદ અરજણ પટેલ – બાંઢીયા – ઐરોલી
૩૭. શ્રીમતી નયના અશોક લાપશીયા – મુલુંડ
૩૮. ચિ. વિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અ.સૌ. હિના ડો. રણઘીર–મુલુંડ
૩૯. ભૂમિ અને ઇશા સંજય પીર – ન્યુ જર્સી
૪૦. શ્રીમતી રાજબાઇ કેશવજી મોમાયા – મુંબઇ હઃ સૌ. જશ્મા હીતેશ મોમાયા
૪૧. શ્રીમતી નિર્મલાબાઇ સુમતિચંદ લોડાયા– નાસિક

### જ્ઞાન દાનનો અનોખો લાભ

પરમાત્માએ જ્ઞાનની ગંગા વહેવડાવી... ગણઘર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી આચાર્ય-ઉપાઘ્યાય-સાઘુ ભગવંતોએ આ વાણી આપણા સુઘી પહોચાડવા પ્રયત્ન કર્યો.. હવે અમે આ વાણીને ઘર-ઘરમાં પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આપ સહુનો સહકાર અમારા સંકલ્પને સિદ્ધિ અપાવશે. આવો જ્ઞાન-દાનનો અનોખો લાભ લઇ મળેલી સંપત્તિને સફળ બનાવીએ.

આ યોજનામાં લાભ લેનાર ભાગ્યશાળીઓને ટ્રસ્ટમાંથી બહાર પડતું સાહિત્ય ભેટ આપવામાં આવશે.
જ્ઞાન દાનનો અનોખો લાભના યોજનાની જાણકારી માટે પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા નીચે જણાવેલ હુબલી ટ્રસ્ટનું સંપર્ક સાઘવા વિનંતી.

લિ. શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ

**NARANJI KANJI CHARITABLE TRUST,** 2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX, KESHWAPUR, **HUBBALLI - 5800 23.** KARNATAKA STATE Mo. 9448350125

**અંક ન મળ્યાની ફરિયાદ :** ''મૃક્તિ કૃપા'' ત્રિમાસિક અંક છે. દર વર્ષે ફેબ્રુઆરી, મે, ઓગષ્ટ, તથા નવેમ્બરની ૧૦ તારીખના નિયમિત પાલીતાણાથી પોસ્ટ કરવામાં આવે છે. તમને તા. ૨૫ સુઘી અંક ન મળે તો તમારા સભ્ય ક્રમાંક સાથે પાલીતાણા ફરીયાદ કરવી. અંક શિલ્લકમાં હશે તો તમને મોકલવામાં આવશે. સભ્ય ક્રમાંક વિનાની ટપાલ ઉપર ઘ્યાન આપવામાં આવશે નહીં.
અંક ન મળ્યાની ફરીયાદ નીચેના સરનામે કરવી.
''મુક્તિ કૃપા'' અશોક પ્રિન્ટરી, દરબાર ચોક, પાલીતાણા. ૩૬૪૨૭૦. મો.૯૮૯૮૭૫૩૮૭૦.

# શ્રી શત્રુંજય એકેડમી
## સંચાલિત
# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ જી. જલગામ, મહારાષ્ટ્ર– ૪૨૪ ૧૦૧.

શુભાશીર્વાદ
શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્યકૃપા
આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
પ્રેરણા માર્ગદર્શન - પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

મળેલા માનવભવને સફળ કરવા...

મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા...

જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા...

સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા...

જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં
## જોડાવવા હાર્દિક આમંત્રણ

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે
પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે.

વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi — Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને ''સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.


સંપર્ક સૂત્ર
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ
મોઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧.
ફોન : (02848) 2336475.

સંપર્ક સૂત્ર
SHILPA AJANI
MUMBAI
Mo. 9821113338
Email : shilpaajani1@gmail.com

સંપર્ક સૂત્ર
લતાબેન વીકમશી
૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,
મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
Mo. 9323944117.

સંપર્ક સૂત્ર - હેમલ પોલડિયા c/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ. Mo. 8956372227

# અર્હતની આંગળીયે.

કોઈ આપણને પૂછે કે શું આપણને મન પર જીત મેળવવી છે ? વિકારોને હરવા છે? આત્મશક્તિ ખીલાવવી છે? અનંતા કર્મોનો ક્ષય કરવો છે? અનંતકાળ ના અંતરાયો દૂર કરવા છે? નિકાચિત કર્મ ને અટકાવવા છે ? અશુભ કર્મો જલ્દી ખપે અને પુણ્યનો ઉદય જલ્દી થાય એવું જોઈએ છે? આપણા સર્વે દુઃખોટળે અને સુખ મળે એવી તો આપણી સૌની કેટકેટલા જન્મોજન્મની પિપાસા હશે!! કોને અનંતા સુખ નથી જોઈતું? કોને આ ભવભ્રમણામાંથી સદંતર મુક્તિ નથી જોઈતી? જ્ઞાનીઓએ કહ્યું છે કે આ બધું શક્ય છે, સુલભ છે અને તે ફળીભૂતકરવાની એક પ્રક્રિયા છે, અને તે છે શાશ્વતી શ્રી નવપદ આયંબિલની ઓળી. આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે ઇ.સં. ૨૦૨૧ની ચૈત્રની આયંબિલ ઓળી ચાલી રહી છે.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ રચિત શ્રીનવપદની પૂજામાં નવપદ ના અનેક માર્મિક અને મહત્વપૂર્ણ રહસ્યો છુપાયેલા છે.તેઓએ નવપદની મહિમા દર્શાવતા લખ્યુંછે:

**"યોગ અસંખ્ય છે જિન કહ્યા**
**નવપદ મુખ્ય તે જાણો રે**
**એહ તણા અવલંબને**
**આતમ-ધ્યાન પ્રમાણો રે..."**

નવપદનો મહિમા અપરંપાર છે. તમામ સાધક આત્માઓ માટેનવપદની આરાધના ઉપાસના અને આલંબન એ પરમ કલ્યાણકરનારા બને છે. કહેવાય છે કે જિનશાસનનો સાર નવપદમાં સમાયેલો છે. તે વિના મુક્તિ સંભવ નથી. તેમાં ચૈત્ર- આસો મહિનામાં આવતી નવપદજી ની આયંબિલની ઓળીનો મહિમા અનેરો જ છે. જેમ તીર્થમાં શ્રી શત્રુંજય ગિરિરાજ શાશ્વત છે, એવી જ રીતે તપમાં નવપદ આયંબિલની ઓળીને શાશ્વતી માનવામાં આવે છે.

નવપદ એટલે આત્માની ગુણોથી યુક્ત નવ આધ્યાત્મિક અવસ્થાઓ. આત્માથી પરમાત્મા બનવા માટે નવપદનું ધ્યાનધરી નવપદમય થવું જ પડે છે. માટે દરેક કાળમાં નવપદનો મહિમા રહ્યો છે. નવપદમાં સ્થાન પામ્યા સિવાય મુક્તિ તોઅશક્ય છે અને નવપદની આરાધના આયંબિલ ની ઓળી દ્વારા કરવામાં આવે છે માટે તે શાશ્વતી છે.

નવ પદ એટલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય,સાધુ, સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્તપ. પ્રથમ પાંચ પદ પંચપરમેષ્ઠિ તરીકે ઓળખાય છે અને બાકીના ચાર ધર્મ તત્ત્વતરીકે ઓળખાય છે. છેલ્લા ચાર પદ અથવા ધર્મ તત્વો એમહાન ગુણો છે, જે આપણને

મુક્તિના માર્ગ પર લઈ જાયછે. તેથી જ નવપદ ને સિદ્ધચક્ર પણ કહેવાય છે.

આપણા શાસ્ત્રો પ્રમાણે આપણા ૨૦માં તિર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીજીના સમયમાં આ તપ- ઉપાસના કરવામાં આવી હતી. તે સમયમાં શ્રીપાલરાજા અને મયણાસુંદરીએ કરેલી આયંબિલની ઓળી સાથે નવપદની આરાધના અને તેનાથીપ્રાપ્ત થયેલા શુભ ફળો આજ દિવસ સુધી પ્રચલિત છે.

આ તપના મહિમા નો ઉલ્લેખ લગભગ ૨૬૦૦ વર્ષ પહેલાવર્ધમાન મહાવીર સ્વામી ભગવાને અનંતલબ્ધિનિધાન શ્રીગૌતમ સ્વામીજી અને શ્રેણિક મહારાજા ને પોતાની દેશનામાં કર્યોહતો. તેમણે નવપદની આરાધનાનું સવિસ્તાર વર્ણન કર્યું હતુંઅને સાથે શ્રીપાલ - મયણાની નવપદની આરાધનાનો ઉલ્લેખપણ કર્યો હતો.

આ ચરિત્રનું વર્ણન પંદરમી સદીમાં શ્રી રત્નશેખરસૂરિશ્વરજીએ પ્રાકૃત ભાષામાં પદ્યમય નામક નિબંધમાં કર્યો હતો. ૧૮મીસદીમાં મહામાહોપાધ્યાય યશોવિજયજી, જેમણે એક જ રાતમાં4000 શ્લોકો કંઠસ્ત કર્યા અને મહામાહોપાધ્યાય વિનયવિજયજી, જેમણે એક જ રાતમાં 3000 શ્લોકો કંઠસ્ત કર્યાઅને સાથે મળીને તેઓએ "શ્રીપાલ રાજાના રાસ" ની રચના કરીહતી. વર્તમાનકાળમાં આજ રાસના આધાર પર ઓળીમાં વ્યાખ્યાન થતા હોય છે.

રસ ઇન્દ્રિય પર વિજય મેળવી આહારથી અનાહાર સુધી લઈજતી અનન્ય આરાધના એટલે આયંબિલ. કહેવાય છે કે એકઆયંબિલ કરવાથી એક હજાર કરોડ વરસનું નારકી નું આયુષ્યતૂટે છે અને આયંબિલની ઓળી કરવી એ શ્રેષ્ટ તપમાનું એકતપ છે. આયંબિલ એટલે રસત્યાગની તપસ્યા. પાંચેયઈન્દ્રિયોની સરખામણીમાં રસનેંદ્રિય પર વિજય પામવો એસૌથી કઠિન માનવામાં આવે છે. કહે છે કે આપણી જીભ ઉપરજો આપણું નિયંત્રણ હોય તો આપણી બધી ઇન્દ્રિયો પરનિયંત્રણ આવી શકે છે.

આયંબિલ તપ એટલે કે અનાદિકાળથી પડેલા આહારનાસંસ્કાર પર વિજય મેળવવાની પ્રક્રિયા છે. આત્મસાધનામાંસહાયક થતા આપણા શરીરના પોષણ માટે આહારની જરૂર છેપણ સ્વાદની જરૂર નથી. જીભના સ્વાદને મન સુધી પહોંચવા નદે તે આરાધના એટલે આયંબિલ. તેમાં વિગઈ રહિતનું એટલે કેતેલ, ઘી, દૂધ, દહીં, ગોળ,સાકર વિનાનું, રસ અને સ્વાદવિનાનું ભોજન લેવાથી વિકારોનું શમન થાય છે, વાસનાથીવિમુખ બનીને ઉપાસના કરવામાં મદદરૂપ થાય છે.

એટલેજ કહ્યું છે ;

**"વાદમાં નથી મજા, સ્વાદમાં છે સજા,**
**સ્વાદિષ્ટ આહારને આપો રજા,**
**આયંબીલની ફરકાવવો ધજા."**

આગળ ઘણા ભવ્ય જીવોએ આયંબિલની ઉપાસના આરાધનાકરી છે. તેમાંના અમુક ના ઉલ્લેખ કરી રહી છું:

* વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવની પુત્રી સુંદરીએ ૬૦,૦૦૦ વર્ષ સુધી અખંડ આયંબિલ કરેલ.

* સનત્કુમાર ચક્રવર્તીએ પૂર્વ ભવમાં વર્ધમાન તપની ઓળીપૂર્ણકરીને લોકોત્તર પુણ્ય પ્રાપ્ત કરી ચક્રવર્તી થઇ ત્રીજા દેવલોકેગયા.

* દ્વારકા નગરી પર જ્યારે દ્વેપાયન ઋષિ કોપાયમાન થયાં અનેએને બાળી નાખવા તૈયાર થયાં ત્યારે નેમીનાથ પરમાત્માએકહ્યું,"જ્યાં સુધી નગરીમાં એક પણ વ્યક્તિ આયંબિલ કરતીરહેશે ત્યાં સુધી દ્વારકાને કાંઈ જ નહીં થાય". ભગવાનનેમીનાથના સદ્ઉપદેશથી દ્વારિ સમ્યક્ બુદ્ધિકાનો ઉપદ્રવ ટાળવા અખંડઆયંબિલ ચાલે તેવી વ્યવસ્થા શ્રી કૃષ્ણે કરી. વર્ષો પસાર થઈગયાં. દ્વેપાયન ઋષિ દ્વારકાને કાંઈ જ ન કરી શક્યા.એક આયંબિલમાં આખી નગરીને બચાવવાની તાકાત હોય છે.

* મહાસતી દ્રોપદીએ પદ્મોતર રાજાની આપત્તિમાંથી મુક્ત થવામાટે છ મહિના પર્યંત છઠ્ઠના પારણે આયંબિલ કર્યા હતા. (જ્ઞાતા સૂત્ર)

* મહાસતી દમયંતીએ પૂર્વ ભવમાં ૫૦૪ અખંડ આયંબિલથીતીર્થંકર તપ કરીને ૨૪ ભગવાનના લલાટમાં હીરાના તિલકસ્થાપેલ.

ચરમ કેવળી જંબુસ્વામીએ પૂર્વ ભવમાં ૧૨ વર્ષ સુધી છઠના પારણે આયંબીલ કરેલા.

* ધન્ના અણગારે જાવજ્જીવ સુધી છઠના પારણેઆયંબીલ કરેલા. વીર પ્રભુને જયારે પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, "હે પ્રભો ! આપના ૧૪૦૦૦ સાધુ અને ૩૬૦૦૦ સાધ્વીઓમાંથીશ્રેષ્ઠ તપસ્વી કોણ?" ત્યારે કરૂણાસાગરે ઉત્તર આપ્યો કે, "કાંકદીના ધન્ના અણગાર કે જે જાવજ્જીવ છઠના પારણે છઠઅને પારણમાં પણ આયંબીલ ઉચ્છિત આહાર કરતા, એટલેજ સાધુ વંદનામાં સ્તુતિ કરતા બોલીએ છીએ કે, "વીરેવખાણ્યો...ધન્નો... ધન્નો અણગાર"....

* સિંહસેન દિવાકર સૂરિએ ૯ વર્ષ સુધી અખંડ આયંબીલકરેલા.

* વીર પ્રભુની ૪૪મી પાટે થયેલ જગત્ચંદ્રસૂરિએ જાવજ્જીવ સુધી આયંબીલ કરેલા.

* સંતિકર સ્તોત્રના કર્તા મુનિસુંદરસૂરિએ જાવજ્જીવ સુધી આયંબીલ કરેલા. ઉપરોક્ત ઉલ્લેખો વાંચીને આપણને આયંબિલ તપની ભવ્યતાનો એક આછેરો ખ્યાલ તો આવવો જ જોઇએ.

આધ્યાત્મિક દ્રષ્ટિએ તો નવ પદની આરાધના સહિત આયંબિલતપ શ્રેષ્ઠ છે પરંતુ આયુર્વેદિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે સાથે, આયંબીલ ઘણાબધા રોગો પર નિયંત્રણ રાખવાની ક્ષમતા ધરાવે છે, જેસાધનામાં મદદરૂપ થાય છે. વળી નવપદના આયંબિલનીઓળી વરસમાં બે વખત, બે ઋતુઓના સંધિકાળમાં આવે છે. ચૈત્ર અને આસો માસમાં આવતી આ ઓળી વાત્ત,પિત્ત અને કફનો પ્રકોપથી શરીરનું રક્ષણ તો કરે જ છે પરંતુ જ્ઞાનીઓનું એવું કહેવું છે કે આ સંધિકાળનો સમય આત્મસાધકોની ભાવશુદ્ધિ અને ઉપાસના માટે શ્રેષ્ઠ ગણાય છે. માટે જ આપણે સહુએ સમજવાની જરૂર છે કે:

**"આયંબીલથી ચમકાવજો તમારો ચહેરો,**
**રસેન્દ્રીય ઉપર મુકજો ચોકી પહેરો,**
**ચૂકવી દયો ચાર ગતિનો કરવેરો,**

**સફળ થાશે આ માનવફેરો."**

આવું શ્રેષ્ઠતમ તપ શ્રીપાલ રાજાને જો એક જ વારમાં ફળીભૂત થયું તો આપણને આ જીવનમાં અનેક વખત કરવા છતાં હજુપણ કેમ ફળ્યું નથી?

આવો, આ પ્રશ્નનો એક અલગ દૃષ્ટિકોણથી વિચાર કરીએ. જીવોને ત્રણ વિભાગમાં વહેંચી શકાયઃ (અ) ભવાભિનંદી (બ) પુદ્ગલાનંદી અને (ક) આત્માનંદી. (અ) ભવાભિનંદીને સંસાર જગમે, તેમાં જ મજા આવે. (બ) પુદ્ગલાનંદીને સંસાર રૂચતો નહોય પણ મોહક પુદ્ગલો સામે આવે એટલે લોભાઇ જાય, ખેંચાઈ જાય. (ક) આત્માનંદી સ્વયં પોતાના આત્મામાં સ્થિરહોય, પોદ્ગલિક ભાવોમાં ખેંચાય જ નહી. આ ત્રણ પૈકી ભવાભિનંદી જીવના આઠ દૂષણો, લક્ષણો, ચિન્હો છે. તેનાથી જેજીવો દુષિત થયા હોય છે, તે જીવોની સર્વ ક્રિયાઓ મોક્ષપ્રાપ્તિની આકાંક્ષના બીજ વગરની અર્થાત્ નિર્બીજ હોયછે. આ આઠ દુર્ગુણો સમજી તેને જીવનમાંથી હંમેશા માટે દૂર કરવાની જરૂર છે. આ દુર્ગુણો જ્યાં સુધી આત્માને મલીન કરી રહ્યા હોય ત્યાં સુધી આપણી ધર્મક્રિયાઓ સબીજ ધર્મક્રિયા બની શકતી નથી. આઠ દૂષણો કયા છે તે જોઈએ અને તેને દૂરકરવા તત્પર બનીએ.

(૧) ક્ષુદ્રતાઃ ક્ષુદ્રતા એટલે તુચ્છતા, માત્ર સ્વાર્થવૃત્તિ. આક્ષુદ્રતાના પ્રભાવે આપબડાઈ, માયા, જૂઠ, પરનિંદા આદિ અનેકદુર્ગુણોનું પોષણ કરે, આનંદ માણે અને ભવભ્રમણ વધારતો જજાય. અરિહંત પરમાત્માની આરાધનાથી ક્ષુદ્રતાનો આ દોષ ટળેછે. મૈત્રી ગુણની પ્રાપ્તિ થાય છે.

(૨) લાભરતિઃ જેમ જેમ પુણ્યના સાથે સંપત્તિ, વૈભવ, મિલ્કત, સોનું, ચાંદી, ઝવેરાતનો લાભ થતો જાય તેમ તેમ હરખાતો જાય. આનંદ થતો જાય અને અંતરમાં લોભદશા જાગતી જાય. જેમઅમૃત પીવાથી ચડેલું ઝેર ઉતરવા માંડે તેમ સિદ્ધપદનીઆરાધનાથી આસક્તિ ભાવનું-મોહનું ઝેર આત્મામાંથી ઉતરતુંજાય.

(૩) દીનતાઃ આ ભવાભિનંદીતાનું એક લક્ષણ છે. મળ્યાનાસંતોષને બદલે ન મળ્યાના આર્તધ્યાનમાં જ આળોટે. આવાજીવો જીવનમાં ક્યારેય શાંતિ ન પામી શકે. આ દીનતાનો દોષનેટાળવા માટે ખુમારી, શૌર્યભાવ જોઈએ. આચાર્ય પદનીઆરાધનાથી જીવનમાં ખુમારી, શૌર્યભાવ આવે છે.

(૪) માત્સર્યઃ આ મત્સર દોષના પ્રભાવથી ઉચ્ચ સાધનાકરનારા જીવો પણ સંસારમાં ભટકતા રહે છે. માટે જ મુમુક્ષુઆત્માએ આ દોષને તિલાંજલી આપવી જરૂરી છે. આ દોષનેટાળવા માટે શાસ્ત્રકાર ભગવંતો ઉપાધ્યાય પદની આરાધનાનોનિર્દેશ કરે છે અને ગુણાનુરાગીતામાં વૃદ્ધી થાય.

(૫) ભયઃ ભય સતત ચિંતા કરાવે છે જ્યારે નિર્ભયતાના કારણેચિત્ત સમાધિની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે. સાધુપદનીઆરાધના, ધ્યાન, વૈયાવચ અને ભક્તિના માધ્યમે આ દોષનેટાળવાનો પ્રયત્ન કરવાનો છે.

(૬) શઠતાઃ શઠતા એટલે માયા, લુચ્ચાઈ, સ્વભાવની વક્રતા. જીવ સદા કપટ કરનારો હોય. વાતવાતમાં લોકોને છેતરવાનું જસૂઝે. આ દોષથી અલગ થવા દર્શનપદની આરાધના કરવાસૂચિત કરેલ છે. સમ્યગ્દર્શનથી મોહનીય કર્મ મોળુ પડે. તત્વાતત્ત્વનું ભાન થાય,

વિવેકદૃષ્ટિખીલે. જીવનમાં સરળતાઆવે, યથોચિત પ્રવૃત્તિ કરવાનું સૂઝે. પોતાની ભૂલદેખાય. કર્મની લઘુતા થઈ હોવાના કારણે અંતર-પ્રકાશ ખીલે.

(૭) અજ્ઞાનતા: અજ્ઞાનતા એટલે જ્ઞાનનો અભાવ કે અવળચંડીબુદ્ધિ. જ્ઞાનપદની આરાધનાથી અજ્ઞાનતાનો નાશ થાય છે. જેપણ જ્ઞાન ભણે છે તે તત્વના હાર્દ સુધી પહોંચી શકે છે. આત્મવિકાસનો સાચો માર્ગ મળે છે. તત્ત્વની રુચિ પ્રગટે છે. અષ્ટપ્રવચન માતા જેટલું અલ્પ જ્ઞાન પણ તત્વની રૂચિ, આત્મપ્રતીતિ કરાવી આત્માના અનંત સુખ પ્રાપ્તિના માર્ગ તરફપ્રયાણ કરાવે છે.

(૮) નિષ્ફલારંભી: પદાર્થો મેળવવાની સતત ઈચ્છા તેઆર્તધ્યાન, તે માટે આરંભ સમારંભમાં રાચીમાચી રહે તેઆર્તધ્યાન, નિષ્ફળતા મળે એટલે દુ:ખી દુ:ખી થઈ જાય તેઆર્તધ્યાન, ફાયદો થશે તેના વિચાર માત્રથી થતો આનંદ તેઆર્તધ્યાન, જુદી જુદી યોજનાઓ બનાવવાનું આર્તધ્યાન, પુનઃપુનઃ તેજ પ્રવૃત્તિ કરવા પ્રેરાય તે આર્તધ્યાન, મળેલું ચાલ્યું જાયતો મહાઆર્તધ્યાન. આ આર્તધ્યાનની પરંપરામાં કર્મબંધ કરી, ભવોની પરંપરાને વધારતો જ જાય. ભવાભિનંદી જીવની કેવીસ્થિતિ છે? ચારિત્ર અને તપપદના પ્રભાવે પૂર્વકૃત મોહદશા મંદપડવાના પ્રભાવે ખોટી-પક્કડોમાંથી મુક્ત બની સત્યમાર્ગ તરફગતિ કરી શકાય છે. આ ભવાભિનંદીના આઠ દુર્ગુણો છે. આદુર્ગુણોને દૂર કરવા, તોડવા માટે જ ઉપર પ્રમાણે નવપદનીઆરાધના છે.

નવપદમાંના એક-એક પદની આરાધના ક્રમશઃ એક-એક દોષનેદૂર કરીને તેના વિરોધી ગુણની વૃદ્ધી કરે છે. આપણા જીવનમાંજે દોષનો પ્રભાવ દેખાતો હોય તે પદની વિશિષ્ટ આરાધનારૂપતપ-જપ-કાઉસગ્ગ-ધ્યાનના માધ્યમે દ્રવ્ય-ભાવ આરાધના દ્વારાઆ અષ્ટદોષ દૂર કરવા પ્રયત્ન કરવો ઘટે. આપણી ભૂમિકા કઈછે: ભવાભિનંદી, પુદ્ગલાનંદી કે આત્માનંદી? તે અંતર નિરીક્ષણકરવું અતિ આવશ્યક છે. અને આત્માનંદીની ભૂમિકા પ્રાપ્તકરવા માટે કટીબદ્ધ બનવામાં જ નવપદ વા સિદ્ધચક્રનીઆરાધનાની સફળતા છે. તો ચાલો હવે આયંબિલ તપકરતી વેળાએ આવી ભાવના ભાવીએ:

**"બાંધેલા કર્મોને કરવા છે nil**
**આવતા કર્મોને લગાવવું છે seal**
**પરભવનું પુણ્ય બાંધી કરવું છે will**
**તો કરીલો તપ આયંબિલ."**

શાસનની શાક્ષીએ ત્રિયોગે
મિચ્છામી દુક્કડમ
શિલ્પા અજાણી
૨૨/૦૪/૨૦૨૧

# નામ હૈ તેરા તારણહારા

એક હતો ચોર.... મોટો ચોર... નાની નાની ચોરીઓમાં મન માને નહીં. મોટિ ચોરી કરવામાં જ મજા આવે... એક દિવસ વિચાર આવ્યો હવે આજે મારે રાજ મહેલમાં જ ચોરી કરવી છે... મોટો ખજાનો મળશે... ઘણા દિવસની નિરાંત થશે...

મધ્યરાત્રીનો સમય થયો... રાજ મહેલ તરફ અંધારામાં આગળ વધ્યો... રાજમહેલના બગીચામાં પહોંચી ગયો... દરવાજો તો બંધ હતો પરંતુ ઉપર રાજમહેલની એક બારી ખુલ્લી દેખાણી એ તો ઉપર ચઢી ગયો અને બારીમાંથી અંદર જોયું તો એણે રાજકુમારીને રત્નજડીત હિંડોળાખાટ ઉપર સુતેલી જોઇ. રાજકુમારીને જોતાં જ એણે પોતાનો વિચાર બદલી નાંખ્યો. બીજી ચોરી કરવાને બદલે એણે રાજકુમારીને જ ચોરીને લઇ જવાનો મનમાં સંકલ્પ કર્યો... ચોરે બારીમાંથી અંદર કુદકો માર્યો અવાજ જતાં જ રાજકુમારી જાગી ગઇ. ઉઠીને ઉભી થઇ ગઇ. ચોરને જોઇને ગભરાયા વગર એને પૂછયું- ''તું કોણ છે ? અત્યારે શા માટે આવ્યો છે ? તને શું જોઇએ છે ?''

ચોર તો રાજકુમારીની હિંમત જોઇ ડઘાઇ ગયો. શું કરવું ? એને સમજાયું નહિં. ત્યાં તો રાજકુમારએ જ વાત માંડી '' તને જે જોઇએ તે આપીશ... સોનું, ચાંદિ, હિરા, મોતી...''

ચોરને પણ હિંમત આવી એણે કહ્યું- '' સોના-ચાંદિ-હિરા-મોતીની ચોરી તો ઘણી કરી... આજે પણ એજ કરવા આવ્યો હતો પરંતુ તમને જોયા પછી તમને જ લઇ જવાનો વિચાર આવ્યો છે.

મોઢું મલકાવતાં રાજકુમારીએ કહ્યું - ''જો તારે મને લઇ જવી હોય તો હું માંગું તે મને આપ... મને વચન આપ..''

ચોર વચન આપવા કબુલ થયો.

રાજકુમારીએ કહ્યું- ''હું પરણું તો ચારિત્રવાનને જ પરણું તારી પાસે ઉચ્ચ ચારિત્ર છે ?''

ચોર ચુપ થઇ ગયો. અનીતિ... અન્યાય... ચોરી કરનારની પાસે શું હોય ? એણે મસ્તક નીચે ઝુકાવી દિધું અને રાજકુમારીને કહ્યું- ''મારી પાસે ચારિત્ર તો નથી પરંતુ જો એ મેળવી શકાય એમ હોય તો હું જરૂર ઉચ્ચ ચારિત્ર મેળવીને તમને મેળવીશ... શું તમે મને માર્ગ બતાવશો ?

રાજકુમારીએ કહ્યું- ''જો ભાઇ ! તમે ઘણા ન કરવાના ખોટા કાર્યો કર્યા છે. અશુભ કાર્યોથી ઘણા પાપકર્મ બાંધ્યા છે. મલિન થયેલા આત્માને શુદ્ધ કરવા પ્રભુને તમારે હૃદયમાં વસાવવા પડશે.

એમનું ધ્યાન કરવું પડશે.જાય કરવો પડશે. એમ કરવાથી તારા પાપો નાશ પામશે તું શુદ્ધ થઇશ પછી હું તને પરણીશ.''

બસ ! હવે ચોરને રાજકુમારીને મેળવવાની લગની લાગી છે. એણે ત્યાંથી વિદાય લીધી. એક ભક્તિ યોગ્ય સુંદર સ્થાન શોધી પ્રભુ ભક્તિ - જાપ-ધ્યાનમાં લીન બનવા પ્રયત્ન કરવા લાગ્યો. વરસોથી ચાલ્યા આવતા ચોરી-જુગારના સંસ્કારો ક્યારેક જોર પકડતા. એને ચોરી કરવાનું મન થતુંપરંતુ રાજકુમારીનું આકર્ષણ એવું જબરજસ્ત હતું કે એની સામે બીજી બધી વસ્તુઓ તુચ્છ લાગી-નકામી લાગી. હિરો હાથમાં આવ્યો છે હવે એને છોડવા જેવું નથી... કાંકરામાં લલચાવવા જેવું નથી. એવું વિચારી મન મજબૂત કરી પ્રભુ ભક્તિ-જાપમાં સ્થિરતા કેળવવા લાગ્યો..

સમય વીતવા લાગ્યો... ધીરે ધીરે પ્રભુ ભક્તિ અને નામસ્મરણની અસર થવા લાગી... પાપી વિચારો નાશ પામવા લાગ્યા... શુભ ભાવનાઓ ઉભરાવા લાગી... પોતાના પાપી જીવન તરફ નફરત જાગી. અંતરમાંથી અજ્ઞાન દૂર થયું અને જ્ઞાનનો દીવડો પ્રગટ્યો.

પ્રભુ નામનું વ્યસન લાગ્યું. ક્ષણવાર પણ પ્રભુ સ્મરણ છુટતું નથી. હાલતા-ચાલતાં, કાર્ય કરતાં સતત પ્રભુના નામનો નાદ અંતરમાં ગુંજી રહ્યો છે. એક અપૂર્વ આનંદને એ માણી રહ્યો છે. રાજકુમારીને ગુરુ માની રહ્યો છે. હવે એણે ગરીબોની સેવાનું વ્રત સ્વીકાર્યું. ગામો ગામ ફરે છે. માણસોના ટોળે ટોળા એના દર્શન કરવા આવે છે એની પાસેથી જ્ઞાન પ્રકાશ મેળવે છે.

એવી રીતે ફરતાં ફરતાં એકદા રાજકુમારીવાળા ગામમાં આવી પહોંચ્યો. ગામના લોકોના ટોળે ટોળા એમના દર્શનાર્થે ઉમટ્યા. રાજકુમારીએ દાસી દ્વારા જાણ્યું કે લોકોના ટોળા સંત દર્શનાર્થે જઇ રહ્યા છે. રાજકુમારીને પાંચ વર્ષ પૂર્વની વાત યાદ આવી. એણે સોળ શણગાર સજ્યા... સંત દર્શનાર્થે આવી સંત ધ્યાનમાં લીન છે. રાજકુમારી કહે છે '' પાંચ વર્ષ પહેલા જે વચન આપ્યું હતું તે પાળવા આવી છું.''

સંત કહે છે - ''મા ! તમે તો મારા ગુરુ છો. આજે હું જે છું તે આપના કારણે છું. આપે મને પ્રભુનામની ઔષધિ આપી એથી હું શુદ્ધ બન્યો છું. હવે તો પ્રભુ નામની લગની એવી લાગી છે કે આ ચેતનને મૂકી જડને ક્યાં વળગું ! મા ! પ્રભુ તમારૂં કલ્યાણ કરે !

કેવો અદ્ભૂત-અપૂર્વ મહિમા છે પ્રભુ નામનો ! જે પામ્યા એમનો બેડો પાર થઇ ગયો. પાપી પણ એથી પાવન બન્યા... સહજ મળી ગયેલી આ જડિબુટ્ટીને પામીને... પ્રમાદને ખંખેરીને અંતર જ્યોત જગાડી દો. જીવન સફળતાનો આજ રાજમાર્ગ છે.

# દેશાવગાશિક વ્રત

જે દિવસે અને રાત્રે સચિત્ત વિગેરેનો સંક્ષેપ કરવામાં આવે તેને કવીશ્વરો મુખ્ય પણે દેશાવક્ગાશિક વ્રત કહે છે. હાલ તો શાસ્ત્રમાં વ્યવહારમતે વિખ્યાત એવું દિગ્વિરતિના  સંક્ષેપને દેશાવકાશિકવ્રત કહે છે. જે પુરુષ તે દેશાવકાશિતકવ્રત લઇને તેની વિરાધના કરે છે, તે પુરૂષ કાકજંઘની જેમ આલોક તથા પરલોકમાં દુઃખ પામે છે.

**કાકજંઘની કથાઃ**

સોપારક નગરમાં કોકાસ નામે એક દાસી પુત્ર રહેતો હતો. એને તેજ નગરમાં સોમિલ નામે એક રથકાર પણ રહેતો હતો. સોમિલ રથકાર પોતાના પુત્રને વિવિધ કલાઓ ભણાવતો પણ કોઇ નઠારા કર્મને યોગે તેને એક કલા પણ આવડતી ન હતી. તેની પાસે દાસીપુત્ર કોકાસ પણ જતો, તે બધી કલાઓને બુદ્ધિથી ભણી શકતો હતો. અનુક્રમે સારી બુદ્ધિવાલો કોકાસ, રથકારે કહેલું સર્વ શીખી ગયો. પિતાએ પુત્રને જાતે આપેલી હિતકારી એક પણ વિદ્યા આવડી નહિં. કર્મ અને ઉદ્યોગ શિવાય સર્વ સ્થળે કાર્યસિદ્ધિ થતી નથી. સોમિલ નિર્વેદ પામી ગયો... તે ધર્મ કરી આયુષ્યનો ક્ષય થતાં મૃત્યુ પામી પરલોકે ગયો. કલાઓથી પણ ગતિનો ક્ષય તો થતો નથી. રાજાના શાસનથી સોમિલને ઠેકાણે કોકાસની નીમણુક થઇ, આ પૃથ્વી ઉપર કલાવાનનું દાન સહિત માન થાય છે.

આ અરસામાં માલવ દેશમાં વિશાળા નામે નગરી હતી. તે નગરીમાં વિચારધવળ નામે પરમ આર્હત રાજા હતો. તે રાજાના રાજ્યમાં ભંડારી. રસોઇઓ, શય્યાપાળ અને અંગમર્દક–એમ ચાર નરરત્નો હતા. જે ભંડારી હતો તેને હાથે ભંડારમાં એકઠો થયેલો વસ્તુસંચય કદિપણ ક્ષય પામતો નહિં, એવી તેનામાં પ્રસિદ્ધ લબ્ધિની સિદ્ધિ હતી. જે રસોઇઓ હતો, તે ષટ્રસવાળી એવી રસોઇ કરતો કે જે જમવાથી માણસોને છ માસે ક્ષુધા લાગતી હતી. જે શય્યાપાલ હતો તે એવી પથારી પાથરતો કે જેમાં જે રોગી હોય અથવા જેને નિદ્રા ન આવતી હોય તેવા માણસને પણ નિદ્રા આવી જતી હતી. જે અંગમર્દન હો તે જ્યાં સુધી તેલવડે ખૂબ અંગમર્દન કરે, ત્યાં સુધીમાં તે તેલને રોગની સાથે બાહેર કાઢી શકતો હતો. રાજા વિચારધવળ તે ચાર રત્નોની સાથે રહી સમ્યક્ રત્નત્રયની ઇચ્છા રાખતો દિવસ નિર્ગમન કરતો હતો. પણ તેને પુત્ર ન હોવાથી તે દયા લાવી રાજ્ય ચલાવતો, કારણ કે,

પાછળ  અનાથ એવી પૃથ્વીને દુષ્ટલોકો દુ:ખી કરે છે. આ વખતે પાટલિપુત્રના રાજા જિતશત્રુએ આવીને તે વિશાળા નગરીને એવો ઘેરો ઘાલ્યો કે જેથી લોકોના આગમ તથા નિર્ગમ (અવર-જવર) અટકાવી દીધા. આવા શત્રુના સૈન્યના આવવાથી રાજા વિચારધવળના ઉદરમાં ઉગ્રશલ ઉત્પન્ન થયું અને તેથી તત્કાળ તેનું મૃત્યું થયું. તેનો દીક્ષા લેવાનો મનોરથ હતો, તેથી તે દેવલોકમાં ગયો, ધર્મની ઇચ્છા પણ ઘણા સારા ભાગ્યથી જ થાય છે. પછી નગરજનોએ રાજદ્વારનો દરવાજો ભયથી તરત ઉઘાડ્યો, એટલે જિતશત્રુરાજા અંદર જઇ રાજ્ય ઉપર આરૂઢ થઇ ગયો. તેણે પેલા રાજાના ચાર પુરૂષરત્નોની પરીક્ષા કરી.

એક વખતે અંગમર્દકે રાજાના અંગનું કોમળ મર્દન કર્યું અને સર્વ અંગમાંથી તેલ આકર્ષી લીધું. પણ બીજાની પરીક્ષા લેવાને માટે તેણે રાજાની એક જંઘામાંથી તેલ ખેચ્યું નહિં પછી તે અંગમર્દકે કહ્યું કે, ''આ પૃથ્વીમાં જે કોઇ બુદ્ધિમાન્ પુરૂષ આ જંઘામાંથી તેલ ખેંચી લે, તેનો હું કિંકર થઇને રહું.'' કોઇપણ પુરૂષ તે જંઘામાંથી તેલ ખેંચી શકયો નહિં. પછી તે જંઘા મોટી સ્થૂલ બની ગઇ. તે ઉપરથી તે રાજાનું નામ કાકજંઘ એવું પડ્યું. રાજા જિતશત્રુ હવે ત્યારથી કાકજંઘના નામથી સર્વત્ર પ્રખ્યાત થયો. કોઇપણ તેનું મુખ્ય નામ કહેતું નહિં. પેલા ચારે નરરત્નો યતિ થઇને ગુણી બની મોક્ષે ગયા.

એક વખતે સોપારક નગરમાં દુકાળ પડ્યો. તેથી કોકાશ પોતાનું કુટુંબ લઇને વિશાળ નગરીમાં આવ્યો, પરંતુ તે સમયે ત્યાં કોઇપણ સ્વજન તેના જોવામાં આવ્યો નહીં. તે રાજાનો મેળાપ કરવાની ઇચ્છાથી બાહેર દેશકુટી પર્ણકુટીમાં રહ્યો. રાજાની અટારીમાંથી શાળના દાણા લાવવા માટે તેણે કાષ્ઠના પારેવા બનાવી તેને ખીલાઓના યંત્ર પ્રયોગથી મોકલવા માંડ્યા. તે પારેવા તે શાળના દાણા લાવીને તેની પર્ણકુટીમાં પાછા આવતા, અને તેથી તે પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા લાગ્યો. એક વખતે શાલિના રક્ષકોએ તે પારેવાને જોયા. તેઓ પારેવાની પાછળ લાગુ થઇ ગયા. ત્યાં સર્વ પ્રકારના તેમના જોવામાં આવ્યો પછી તેઓએ જઇને રાજાને તે વાત જાહેર કરી, તે ઉપરથી રાજાએ કોકાસ રથકારને પોતાની પાસે બોલાવ્યો. અને પુછયું કે, '' તું આવું જેમ નવીન વિજ્ઞાન જાણે છે, તેવું બીજું કાંઇ પણ જાણે છે કે ?'' રથકારે કહ્યું, ''હું સર્વ જાણું છું.'' પછી એક વખતે સુકૃતી રથકારે કાષ્ટનો ગરૂડ બનાવ્યો. રાજા પોતાની યશોમતી રાણી સહિત તે રથકારને લઇ તે ઉપર આરૂઢ થયો, અને ફરવા ચાલ્યો. અયોધ્યા, તામલિપ્તિ, ચંપા, દ્વારિકા, અને લંકા વિગેરે નગરીઓ તેને નામ આપીને બતાવી તેમજ અષ્ટાપદ, ગિરનાર અને શત્રુંજય વિગેરે પર્વતો અને સમુદ્ર પ્રમુખ પણ બતાવ્યા.

એક વખત તેઓ આકાશમાર્ગે ચાલી કોઇ સાધુની પાસે ગયા. સાધુએ તેઓને શ્રાવકનો બાર

પ્રકારનો ધર્મ સંભળાવ્યો. પછી તે બંનેએ તે સાધુની પાસે દેશાવકાશિક વ્રત ગ્રહણ કર્યું. તેમાં એવો નિયમ લીધો કે, '' દિવસમાં સો યોજનથી વધારે જવું નહિં.''

એક વખત વિજયા નામની રાણીએ પોતાના મનમાં વિચાર્યું કે, '' રાજા પોતાની યશોમતિ રાણીને જ સાથે લે છે, મને તો કદિ પણ સાથે લેતા નથી, તેથી હું એવું કાંઇ કામ કરૂં કે જેથી તેઓ બંને સ્વતઃ (સહેજે) સંકટમાં પડે.'' આવું વિચારી તે વિજયાએ બીજા કલઇ શિલ્પીને બોલાવી એક બીજી યંત્ર ખીલી કરાવી અને જે વડે પાછા અવાય તે યંત્ર ખીલીને તેણીએ છુપાવી દીધી. અને તેના સ્થાનમાં બીજી તૈયાર કરાવેલી યંત્ર ખીલી મૂકી દીધી. રાજા યશોમતી રાણીની સાથે ગરૂડ ઉપર ચડ્યો અને ત્યાં સાથે રહેલા કોકાએ ગરૂડને ચલાવ્યો. આકાશમાર્ગે જતાં રાજાએ પોતાના વાહક કોકાસને પુછયું કે, ''આપણે કેટલા યોજન આવ્યા ?'' તેણે કહ્યું, ''આપણે સો યોજન આવ્યા છીએ.'' રાજા બોલ્યો, ''તો પછી ગરૂડને પાછોવાલો કે જેથી આપણા બંનેના નિયમનો ભંગ ન થાય.'' પછી જે ખીલી વડે યંત્રથી પાછું આવી શકાય તે ખીલી તેને મારવા માંડી તો પણ ગરૂડ પાછો વલ્યો નહિ, એટલે રાજાએ કહ્યું કે, ''ગરૂડ પાછો કેમ વળતો નથી ?'' વાહકે જણાવ્યું કે, ''અહિં ખીલીના યંત્રમાં કાંઇ ફેરફાર થઇ ગયો છે.'' તેવામાં ગરૂડની પાંખ ભાંગી ગઇ અને ગરૂડ પડી ગયો પણ સારા ભાગ્યે તે કોઇ સરોવરમાં પડ્યા એટલે તેઓ બધા તરત જ તરીને બાહેર નીકળી ગયા, દેવ અતિશય બળવાન છે. તે વખતે રાજાએ રથકારને પુછ્યું કે, ''આ કયું નગર છે ?'' રથકારે કહ્યું, ''આ કલિંગ દેશના રાજાનું નગર છે.'' પછી રથકાર ખીલી લેવાને માટે નગરમાં ઉતાવળો ગયો અને રાજા તથા રાણી તે સરોવરની પાલ ઉપર બેઠા. રથકારે કોઇ સુથારને ઘેર જઇ ખીલી કરવાને માટે ઉત્તમ કાષ્ટની માગણી કરી, તેણે તેવું કાષ્ટ સર્વ સ્થળે જોવા માંડ્યું, તેવામાં કોકાસે તેવું ચક્ર ઘડી દીધું. વિદ્યા અને કોઢ લોકોમાં ઢાંક્યા જ રહેતા નથી. તે ચક્ર જોઇ સૂથાર પોતાના ચિત્તમાં વિચારવા લાગ્યો કે, ''જરૂર આ પોતે જ કોકાસ છે. આ વિશ્વમાં આવી ઊંચી કલા બીજામાં છે જ નહિ.'' તરત તેણે રાજભુવનમાં જઇ રાજાને જણાવ્યું કે, '' શત્રુવર્ગને આશ્રિત થયેલો તમારો અહિતકારી કોકાસ અહિં આવેલો છે.'' પછી રાજાએ પોતાના માણસોને મોકલી કોકાસને અને કાકજંઘ રાજા ને રાણી સાથે ત્યાં બોલાવ્યો, પૂર્વના વેરને લઇને તેણે તેમને બાંધી કાષ્ટના પાંજરામાં પૂરી દીધા, પછી મંત્રીઓએ રાજાને કહ્યું ''આ એક કલાવાન પુરૂષ છે, તેથી તેની પાસે કાંઇ પણ કામ કરાવીએ અને પછી તેને મારીએ તો સારૂં.'' મંત્રીઓના કહેવાથી રાજાએ કોકાસને દઢ બંધનમાંથી મુક્ત કરી પોતાની પાસે બોલાવીને કહ્યું કે, ''તું બીજુ કાંઇ જાણે છે?'' કોકાસ બોલ્યો, ''દેવ! હું સર્વ સુંદર વિજ્ઞાન જાણું છું, પણ કોઇ કરાવનાર નથી.'' રાજાએ કહ્યું

''તું તારી બુદ્ધિથી સો પાંખડીવાલા કમળની કર્ણિકામાં મારે લાયક એક ભવન બનાવ અને તેની પાંખડીઓમાં બીજા ઊંચી જાતના ભવનો સત્વરે કરી દે. '' તે બુદ્ધિમાન કારીગરે તરત કમળાકાર ભવન કરવા માડ્યું. તે વખતે કલિંગ દેશના રાજાનો ગુપ્ત વિચાર ત્યાં દીવી ઝાલનારા માણસે કોકાસને એકાંતે કહ્યો કે, ''જયારે તે ભવન પૂર્ણ થશે ત્યારે આ કલિંગનો રાજા તને તથા તારા રાજાને મારી નાંખશે.'' પછી કોકાસે એક ઉત્તમ માણસને મોકલી કાકજંઘ રાજાના પુત્ર વિજયને પોતાનો તે વૃત્તાંત જણાવ્યો, તેવામાં તે ભુવન પૂર્ણ થયું તેની અંદર પ્રવેશ કરવા માટે તેણે એક ખીલી ગોઠવી. રાજા પોતાના પુત્રની સાથે તે ભુવનમાં દાખલ થયો, પછી કારીગરે કહ્યું કે, '' સર્વે પોતપોતાના સ્થાનમાં પ્રવેશ કરો, કારણ કે, ખીલી આપવાથી આ બધો મહેલ ઉડશે.'' સર્વેએ તેમ કર્યું ત્યાં રથકાર પોતે બાહેર નીકળી ગયો. પછી તેણે મત્સર ભાવથી તે ખીલી દીધી, એટલે બધો પ્રાસાદ મળી ગયો. તે પ્રાસાદ સંપુટના જેવો થઇ જતાં લોકોએ હાહાકાર કર્યો. તેવામાં વિજય આવીને શત્રુના નગરમાં દાખલ થઇ ગયો, બધું નગર તેણે લુંટી લીધું અને પોતાના માતાપિતા જે કાકજંઘ અને તેની રાણી તેમને પાંજરામાંથી બાહેર કાઢ્યાં પછી રાજા કોકાસને સાથે લઇ પોતાના નગરમાં ચાલ્યો ગયો.

એક વખતે ગુરુનો યોગ થઇ આવતાં રાજા કાકજંઘે પોતાના પુત્રને રાજ્ય આપી કોકાસની સાથે દીક્ષા ગ્રહણ કરી. તેણે કર્મયોગે અતિચાર સહિત વ્રત પાલ્યું તેથી તે સૌધર્મ દેવલોકમાં દેવતા થયો અને કોકાસે લાંબો કાળ અતિચાર સહિત વ્રત પાળ્યું, તેથી તે મહેંન્દ્રદેવલોકમાં ઉત્તમ દેવતા થયો તેથી પુરૂષોએ દેશાવગાશિક વ્રત પાળવું કે જેથી દુઃખ ન થાય તેમજ જંતુ પીડા પણ ન થાય.

# જયલક્ષ્મી બાગ

## આગમ વાણી

संजोग मूला जीवेण, पत्ता दु:ख परंपरा ।
तम्हा संजोग संबंध, सव्वं तिविहेण वोसिरीयं।।

**સંજોગ અને સંબંધોથી જોડાઇને જીવ દુઃખની પરંપરાને ઉભી કરે છે. તેથી જ સર્વ પ્રકારના સંજોગ અને સંબંધોને ત્રિવિધે વોસિરાવવા જોઇએ.**

જગતમાં ગણી ન શકાય એટલી વસ્તુઓ અને વ્યક્તિઓ છે. પરંતુ આપણને સામાન્યથી દુનિયાના બધી વસ્તુઓ અને વ્યકિતઓ સાથે બહુ લેવાદેવા નથી. આપણી માયા... આપણી આસક્તિ આપણી આજુબાજુના ૧૦૦-૨૦૦-૫૦૦ વ્યક્તિ અને વસ્તુઓ સાથે જોડાયેલી છે. આપણી દુનિયાની માયા આપણને ઠગી રહી છે. આ નાની દુનિયાની માયા અને આસક્તિ જ આપણને ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં રખડાવે છે. જીવનમાં થતું સુખ-દુઃખનું વેદન પણ આ માયા-મમતાના કારણે છે. વસ્તુ કે વ્યક્તિ સુખી-દુઃખી નથી કરતાં પણ એમાં જે મારાપણું છે તે હેરાન કરે છે. એટલે જ તો જ્ઞાનીઓએ આપણને ટકોર કરતા કહ્યું-

**મમ કર મમતા રે સમતા આદરો...**

સમતા તારક છે મમતા મારક છે... મમતા હશે ત્યાં સુધી સમતા નહીં આવે.

## ગુરુપદ મહિમા

एक घडी, आधी घडी,
आधी से पुनः आध ।
जीव करे सत्संग तो,
कोटि कटे अपराध ।।

જીવન શુદ્ધિ અને જીવન ઉદ્ધારનો એક માત્ર સફળ માર્ગ છે સત્સંગ!

સજ્જનનો સ્વભાવ જ એવો હોય કે એ કોઇને દુઃખી ન જોઇ શકે. સહુ જીવો સુખી થાય એવી જ એની ભાવના હોય. એવી જ રીતે સંત એનાથી એક પગલું આગળ વધે દુઃખના માર્ગે જતા જીવને જોઇને એમને વેદના થાય. પાપ કરતા જીવને ભવિષ્યમાં દુઃખી થશે એ કલ્પનાથી જ ધ્રુજી ઉઠે છે. એમને સાચા માર્ગે ચઢાવવા ઘણા પ્રયત્ન કરે છે. સફળતા ન પણ મળે તો પણ પોતાનું કર્તવ્ય ચુકતા નથી.

**માર્ગ ભૂલેલા જીવન પથિકને,**
**માર્ગ ચિંધવા ઉભો રહું;**
**કરે ઉપેક્ષા એ મારગની,**
**તો એ સમતા ચિત્ત ધરું...**

સંતો સતત જીવોને સાચા માર્ગમાં જોડવા પ્રયત્નશીલ હોય છે. જીવો સત્સંગમાં રહે એ એમનું મુખ્ય લક્ષ્ય હોય છે. સત્સંગ દ્વારા જ જીવ સદ્ગુરુને પામે છે.... એથી જ જીવનમાં પરિવર્તન આવે છે અને આત્મકલ્યાણનો પ્રારંભ થાય છે. ઘણા જીવો સત્સંગમાં જોડાય ખરા પણ ધીરજ ન હોવાથી જલ્દિ એને છોડવા પણ ઉતાવળા બને. આ જીવને સત્સંગ કે સન્માર્ગમાં ધીરજ નથી. જીવ ઉતાવળો થઇ

આપણે મમતાને વળગી પડ્યા છીએ છોડતા નથી છોડી શકતા નથી અને ઉપરથી એમ જ કહીએ છીએ કે મમતાએ બાંધી રાખ્યા છે. ના... ના... આપણે જાણીજોઇને મમતામાં ફસાયા છીએ... એને છોડવા નથી ઇચ્છતા આપણી હાલત પેલા વાંદરા જેવી છે-

આજે ગામમાં એક વાંદરાની ટોળી આવી... વાંદરાઓએ દોડાદોડ કરી મૂકી એક ઘરના ધાબાએથી બીજા ઘરના ધાબાએ કુદાકુદ કરવા લાગ્યા... એક વાંદરાને એક ઘરના ધાબા ઉપર એક માટિનો ઘડો દેખાયો, કુતુહલ વશ એણે એમાં જોયું તો અંદર ચણા ભરેલા દેખાયા ઘડો ઘણાં જ સાંકડા મોં વાળો હતો. ઘડામાં ચણા જોયાને વાંદરાનું મન લલચાયું. એણે ખાવા માટે ઘડામાં હાથ નાંખ્યો... ચણાની મુઠી ભરી... પણ આશ્ચર્ય હવે હાથ બહાર નિકળતો જ નથી. હાથ જોરથી ખેંચવા લાગ્યો પણ ઘડાનું મોઢું સાંકડું હતુ અને ચણા ભરેલી મુઠી મોટિ થઇ ગઇ. તેથી હાથ નિકળતો નથી. આ વાંદરાને લાગ્યું કે અંદરથી કોઇએ મારો હાથ પકડી લીધો છે. બહુ જોર કરવા લાગ્યો પણ હાથ નિકળતો નથી હવે મુંઝઇ ગયો... રડવા લાગ્યો રોતાં રોતાં બીજા વાંદરાઓને બોલાવે છે. કહે છે મારો હાથ ઘડામાંથી કોઇ કાઢો રે કાઢો. ઘણા વાંદરાઓ ભેગા થયા. બધાએ પ્રયત્ન કર્યા પણ કોઇ હાથ કાઢિ શક્યું નહીં. કારણ કે હાથ કેમ ફસાયો છે તે કોઇ જાણતું નથી.

**આપણે પણ સંસારમાં કેમ ફસાયા છીએ તે જાણતા નથી...**

ઘણા વાંદરાને ભેગા થયેલા જોઇ જાય છે. મને બધું તરત મળી જવું જોઇએ. સમય લાગે એ આપણને સહન ન થાય. આવા જીવોને પણ સત્સંગમાં ટકાવી રાખવાનું કપરું કાર્ય ગુરુ ભગવંતો કરે છે. આપણે આરંભે શુરા છીએ કોઇ પણ ધાર્મિક પ્રવૃત્તિ ચાલુ કરીએ પ્રથમતો ઘણી મોટિ સંખ્યામાં બધા જોડાય છે. પરંતુ ધીરજ ન હોવાથી ધીરે ધીરે સંખ્યા ઘટતી જાય છે. અને ૨-૫વરસમાં તો શુભ પ્રવૃત્તિ બંધ થઇ જાય છે. ધીરજ ખુટી જાય છે.

આપણે એથી જ ઘણા પાછળ ગયા છીએ...

એકદા એક ચેલો પોતાના ગુરુ પાસે ગયો. વંદનાદિની પ્રાર્થમિક વિધિ કર્યા પછી ત્યાં બેઠો. ગુરુને કહ્યું મારે આપને એક વાત કરવી છે. ગુરુની અનુમતિ મેળવી પોતાની વાતનો પ્રારંભ કર્યો- '' ગુરુદેવ ! હું રોજ રોજ સત્સંગમાં આવું છું. પરંતુ કોઇ ફાયદો થતો હોય એવું જણાતું નથી. મને તો એમ હતું કે સત્સંગમાં જવાથી મને પરમાત્માનો સાક્ષાત્કાર થઇ જશે અને સ્વર્ગના સુખો મારા ઘરમાં આવી પડશે. પરંતુ પ્રભુ આવું તો કશું જ બન્યું નથી. ત્યારે સત્સંગમાં આવવાથી શું ફાયદો ?''

ગુરુએ કહ્યું- ''વત્સ ! તું એક કામ કર... આ કાર્ય કરવાથી તારા પ્રશ્નનો જવાબ સ્વયંમેવ તને મળી જશે.'' એમ કહી ગુરુએ એને એક વાંસની ટોપલી આપી અને એને પાણીથી ભરી લાવવા કહ્યું.

ગુરુએ આપેલી ટોપલી લઇ ચેલો પાસેની જ નદીએ ગયો... ટોપલીને નદીમાં બોળી. નદીમાં જ્યાં સુધી ટોપલી હતી ત્યાં સુધી

વાંદરાનો ઉસ્તાદ મદારી ત્યાં આવ્યો. ત્યાં નિરીક્ષણ કરતાં જ એ વસ્તુસ્થિતિ પામી ગયો. મદારીએ ઇશારાથી પેલા વાંદરાને સમજાવ્યું કે મુઠ્ઠી ખોલી નાખ... ચણા છોડી દે તો હાથ નિકળી જશે.

વાંદરાએ મુઠ્ઠી ખોલી... હાથ તરત જ નિકળી ગયો... વાંદરો છુટો થઇ ગયો...

આપણને છુટવું છે... માર્ગ સહેલો છે. પકડો નહીં છોડી દો... આપણે આજ દિવસ સુધી શું કર્યું ? પકડવાનું કામ કર્યું કે પછી છોડવાનું કાર્ય કર્યું ?

માયા આપણને પકડતી નથી. આપણે માયાને પકડી બેઠા છીએ... તેથી જ હેરાન થઇએ છીએ... **મારું... મારું... મારે છે... તારું... તારું... તારે છે.** આપણે શું કરતાં આવ્યા છીએ... શું કરીએ છીએ ? મારું... મારું કે તારું... તારું... મારું-મારુમાં મમતા છે. તારું... તારું માં મમતાનો ત્યાગ છે.

આપણી મમતાં પુત્ર અને પરિવાર પ્રત્યેની આપણી પાસેથી કેવી કેવી ભૂલ કરાવે છે તેનું સુંદર ચિત્ર આલેખતાં કહે છે- આપણાં દિકરાને શેઠ બનાવવા આપણે નરકમાં જવા તૈયાર થઇએ છીએ... દિકરાને ભરેલા રાખવાં આપણે ખાલી હાથે જવા તૈયાર થઇએ છીએ... આપણા દિકરા-પરિવાર ઘડીક વારની મોજ મજા માણી પાપમાં પડે તે માટે આપણે પરલોકમાં મુડી વિના-ધર્મ પુણ્ય વિના જવા તૈયાર થઇએ છીએ... પરિવાર સુખી થાય એ માટે સ્વર્ગ છોડવા તૈયાર થઇએ છીએ... પરંતુ એમને કેળવણી આપી સંસ્કાર આપી

એમાં પાણી રહ્યું. પાણીમાંથી ટોપલીને બહાર કાઢતાં જ તરત એમાં રહેલું પાણી નિકળી ગયું. ગુરુ આજ્ઞા માનીને એણે ૧૫-૨૦ વખત વાંસની ટોપલી પાણીથી ભરી પરંતુ પાણી એમજ વહી ગયું... માથાકુટ કરતા ચેલો થાક્યો એટલે ગુરુ પાસે પાછો આવ્યો. વાંસની ટોપલીમાં પાણી જ ભરાતું નથી... આવી ટોપલીમાં પાણી ભરાય ? ગુરુએ કહ્યું- બેટા ધીરજ રાખીશ તો અવશ્ય તને કાંઇક જાણવા મળશે.

ફરી બીજા દિવસે એજ ટોપલી આપી પાણી ભરવા મોકલ્યો... પાંચ-સાત દિવસ સુધી આ ક્રમ ચાલ્યો... મહેનત કરી પણ કાંઇ ફાયદો ન થયો... ટોપલીમાં પાણી આવ્યું નહિં... ટક્યું નહીં... કંટાળીને ચેલો ગુરુ મહારાજ પાસે આવ્યો... 'મહારાજ ! આવા અશક્ય કામ કેમ બતાવો છો ? ટોપલીમાં પાણી ભરાય ? સાત-સાત દિવસ મહેનત કરી સફળતા ન મળી...

ગુરુએ કહ્યું- 'બેટા ! ટોપલીમાં પાણી ન રહે એ વાત ખરી પણ જો તો ખરો રોજ રોજ પાણીમાં ભીંજાવાથી આ ટોપલીમાં બીજા કાંઇ ફેરફાર થયા કે નહિં ?

ચેલાએ ટોપલીનું બરાબર નિરીક્ષણ કરી કહ્યું- ' મહારાજ ! પહેલા આ ટોપલી ઘણી મેંલી હતી હવે પાણીમાં વારંવાર ધોવાઇને ભીંજાઇને સાફ થઇ ગઇ છે. પહેલા ઘણી કઠણ હતી તે હવે પોચી થઇ ગઇ છે. એટલો ફેરફાર થયો છે.''

ગુરુ ભગવંતે કહ્યું-''બેટા ! એ શું ઓછું છે, ટોપલીમાં પાણી નહિ આવ્યું પણ ટોપલી

આપણે આપણા પોતાના જીવનમાં ધર્મ પુણ્ય કરવાનું ચુકવાનું નથી. આ જીવન ફક્ત પેટ અને પરિવાર માટે વેઠ કરવા નથી મળ્યું... આપણા પોતાનો પણ ઉદ્ધાર કરવાનો છે...

જ્યાં મમતા છે... મારાપણું છે ત્યાં સુખ અને દુઃખ છે. જ્યાં સુખ-દુઃખનું વેદન છે ત્યાં કર્મબંધ છે. ત્યાં સંસાર છે... સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ છે... નરક-નિગોદના અસહનીય દુઃખો છે.

મમતાની ભ્રાંતિ તુટે છે ત્યારે જ મમતા મુક્તિનો પુરુષાર્થ થાય છે. મમતાને મૂકીને જીવ સમતાની સાધનામાં જોડાય છે... જ્યાં મમતા છે ત્યાં રાગ-દ્વેષની પરિણતી છે... જ્યાં સમતા છે ત્યાં રાગ-દ્વેષપર જીત છે... ત્યાં મારા-પરાયાના ભાવ નથી. તેથી સમતામા સુખ-શાંતિ-સમાધિ છે. કોઇ કર્મ બંધન નથી.

**એગોડહં, નત્થિ મે કોઇ**
**નાહ મન્નસ્સ કિસ્સઇ**

હું એકલો છું... મારું કોઇ નથી... હું કોઇનો નથી. આ ભાવોને મજબૂત બનાવી આત્મઘાતક મમતાનો સાથ છોડી આત્મ હિતકારી સમતાને આદરવા આપણે સહુ સજ્જ બનીએ.. પ્રસન્નતાને અનુભવી પ્રસન્નતાની પ્રભાવના કરી સહુને પ્રસન્નતાના ભાગીદાર બનાવીએ...

ચોક્ખી તો થઇ.''

આપણું મન પણ વાંસની ટોપલી જેવું છે. તેમાં માયાનો જાડો કચરો ભરાઇ શકે છે. પણ પાણી જેવી કે એનાથી સૂક્ષ્મ જિનવાણી તેમાં રહી શકતી નથી. તેથી સત્સંગમાં કહેવા છતાં કદાચ જલ્દિથી આત્માનું સ્વરૂપ ન સમજાય પરંતુ મનમાંથી પાપનો મેલ ધોવાય છે. મન નિર્મળ બને છે. દુનિયાના પ્રપંચમાં આપણું હૃદય કઠોર બની જાય છે તે સત્સંગથી નરમ પડે છે. કોમળ બને છે. આ શું ઓછો લાભ છે. મન નિર્મળ થાય અને હૃદય કોમળ બને તો ધીરે ધીરે આત્માનો આનંદ પણ જાણવા-માણવા અને અનુભવવા મળે તેથી સત્સંગ છોડવા જેવો નથી.'

સત્સંગનું રહસ્ય ગુરુ પાસેથી સમજી ચેલો નત મસ્તક બની ગયો.

માથે અને સાથે ગુરુ હોય તો નિત નવા અનુભવો થાય... નિત્ય નવું જાણવા-શિખવા મળે... ગુરુ તત્વોના રહસ્યો સહજતાથી આત્મસાત થાય.

આવા અનુપમ ગુરુ પદ મહિમા ને જાણી... ઓળખી જીવનમાં ઉતારી પુણ્યના ઉદયથી જીવનમાં મળેલી ઉત્તમ તકને ઝડપી સામાન્ય આરાધનાના રહસ્યો... તત્વના રહસ્યો... આગમના રહસ્યો અને અંતે આત્મા-પરમાત્માના રહસ્યો ઉકેલાય અને જીવ ઉંડા રહસ્યો પામી જીવન સફળ બનાવી શકે. ચાલો **सद्‌गुरु शरणं मम ।** નો નાદ ગુંજવી સદ્‌ગુરુના મહિમાને જાણી સદ્‌ગુરુની બિનશરતી શરણાગતિ સ્વીકારી આત્માને પરમાત્મા બનાવવાના માર્ગે આગળ ધપીએ...

# વિમલગિરિ

ભરત ક્ષેત્ર... દક્ષિણાર્ધ ભરત... મધ્યખંડ...

પદ્મપુર નામનું નગર...

સુખ... સમૃદ્ધિથી ભરપુર નગરી....

ત્યાં મદનદેવ નામે રાજા રાજ્ય કરતો હતો.... એની પ્રેમવતી નામે રાણી હતી... રાજા મદનદેવને સૂર નામે રાજકુમાર હતો. રાજકુમાર ભણી-ગણી હોશિયાર થયો... પરંતુ ઉગતી યુવાનીમાં કુસંગના કારણે એના જીવનમાં વ્યસનોનો પ્રવેશ થયો... એક-એક કરતાં એ સાત વ્યસનમાં ચકચૂર બન્યો... જીવનમાં સત્સંગનો અદ્ભૂત પ્રભાવ છે. જીવ સત્સંગ ન કરે તો કુસંગ એના જીવનને બરબાદ કરી નાંખે છે. આપણા જીવનમાં પ્રભાવ કોનો ? વિચારવા જેવી વાત છે.

શિકારના વ્યસનના કારણે એકદા ''સૂર'' જંગલમાં ગયો શિકાર પાછળ જંગલમાં ભૂલો પડ્યો... ત્યાં જંગલી ભૂંડે એને બચકું ભર્યું... એના કારણે સૂર ને રસી ઝરતો કોઢ રોગ થયો... સતત રસી ઝરે- કાયામાંથી દુર્ગંધ આવે ઘણા ઉપાય કર્યા પણ કોઇ વૈદ-હકિમને સફળતા ન મળી. 'સૂર' હવે રાજા બન્યો હતો. એ સ્વયં પોતાના રોગથી કંટાળ્યો હતો... એણે સ્વયં આપઘાત કરીને જીવનનો અંત આણવાનો નિર્ણય કર્યો...

પરંતુ સૂરરાજાનું પુણ્ય જાગૃત હતું. કુસંગે બરબાદિ તરફ જતા જીવનને સત્સંગનો લાભ મળ્યો.. સુરરાજાને જ્ઞાની ગુરુ ભગવંતનો પરિચય થયો.. સૂરરાજાએ મનની વાત ગુરુ ભગવંત આગળ પ્રગટ કરી. ગુરુએ સમજાવ્યું ''રાજન્ ! જીવનનો અંત આણવાથી રોગમાંથી મુક્તિ નથી મળતી એ માટે કર્મમુક્તિ આવશ્યક છે. તું કર્મમુક્તિ માટે પ્રયત્ન કર.''

રાજાએ રોગમુક્તિ માટે ઉપાય પુછતાં જ્ઞાની ગુરુએ કહ્યું- '' ચૈત્રી પુનમના દિવસે સવારના ગિરિરાજ ઉપર ચંદ્રકુંડના જલથી સ્નાન કરવું... રાયણ વૃક્ષ નીચેની માટી શરીર ઉપર લગાડવી... નિરંતર આદિનાથ દાદાનું ધ્યાન ધરવું, આ એક અદ્ભૂત ઉપાય છે. એમ કરવાથી પંદર દિવસમાં શરીર રોગમુક્ત બની જશે.''

સૂર રાજાએ ગુરુ ભગવંતની વાત ''તહત્તિ'' કહી સ્વીકારી લીધી. ગુરુએ જણાવ્યા મુજબ કરીને રોગમુક્ત બન્યા... કોઢ નાશ પામી કાયા વિમલ બની. તેથી રાજાએ ગિરિરાજનું નામ **''વિમલગિરિ''** રાખ્યું ત્યાર પછી સૂરરાજાએ વિમલગિરિના હજારો સંઘ કાઢ્યા. અંતે સ્વયં ચારિત્ર લઇને આ વિમલગિરિ ઉપર ત્રણ હજાર મુનિઓ સાથે મુક્તિ પદને પામ્યા...

# શોધીલે જીવનનો સાર

## 1 સમદૃષ્ટિ

મહારાષ્ટ્રના એક સંત તુકારામ....

એકદા તેઓ પંઢરપૂરની વિઠોબાની યાત્રા કરવા નિકળ્યા. માર્ગમાં એક ખેતર આવ્યું. ત્યાં ઘણા ચકલાંઓ ચણતા હતા. તેમની પાસેથી તુકારામ નિકળ્યા... ચકલાં બધા ઉડી ગયા... આપણે જાણીએ છીએ કે ચકલાની જાત એટલે બીકણ જાત. પાસેથી કોઇ નિકળે તો ઉડી જાય... એમાં કાંઇ નવાઇ નથી.

પરંતુ પોતાના જવાથી ચકલાં ઉડી ગયાં તે જોઇ તુકારામને ઘણું આશ્ચર્ય થયું. એ વિચારવા લાગ્યા હજી મારામાં ક્યાંક કાંઇક પાપ રહેલું છે... હજી મારી ભક્તિ અધુરી છે... હજી મારામાં સમદૃષ્ટિ આવી નથી.... જો મારામાં સમદૃષ્ટિ આવી હોય તો આ ચકલાઓ મારાથી કેમ ભય પામે ? જ્યારે ચકલાઓ પણ મારો વિશ્વાસ કરી શકતાં નથી તો ભગવાન મારો વિશ્વાસ કેમ કરી શકશે ? તેથી હવે ચકલાઓનો વિશ્વાસ મેળવ્યા પછી જ અહીંથી ખસવું (ત્યાં સુધી અપ્પાણં વોસિરામિ)

મનમાં આવો નિર્ણય કરીને જે ઠેકાણે ચકલા ઉડી ગયા હતા તે ઠેકાણે પોતે વિઠ્ઠલ...વિઠ્ઠલ...વિઠ્ઠલ...વિઠ્ઠલ... કરતાં ઉભા રહી ગયા. ત્રણ દિવસ અને ત્રણ રાત અન્ન-પાણી વિના ત્યાંજ ઉભા ઉભા 'વિઠ્ઠલ... વિઠ્ઠલ...' કરતાં નિકળી ગયા. ચોથે દિવસે પોતાની મેળે ચકલાઓ આવીને જેમ ઝાડ ઉપર નિર્ભય થઇને બેસે તેમ તેના હાથ... ખભા... મસ્તક ઉપર રમુજ કરતા આનંદથી બેઠા.. એ પછી તુકારામે અન્ન પાણી લીધા અને જાત્રા કરવા આગળ વધ્યા...

આપણા જીવનમાં પણ આવી સમદૃષ્ટિ ન આવે ત્યાં સુધી આપણી ભક્તિ અધુરી છે. સર્વ જીવો પ્રત્યે સમભાવ... અહિંસક ભાવ કેળવશું તો જ જીવસૃષ્ટિ નિર્ભય બનીને આપણી આજુબાજુ આનંદ માણશે. મનમાં મૈત્રી ભાવને મજબૂત બનાવીએ બધાને પોતાના બનાવીએ... અલૌકિક સિદ્ધીને પામીએ...

## 2 પ્રભુ સ્મરણ

એક યુવાન... સંસ્કારી અને વિનયી...

એ પોતાના ખિસામાં કાંઇક રાખે... કશુંક ખીસામાં લઇને જ ફરતો. જરાક નવરો થાય ત્યારે ખીસામાં હાથ નાંખી એ વસ્તુને નિરખ્યા કરે.. નિરખ્યા કરે...

એકદા એના આવા વિચિત્ર વર્તનને જોઇ અને જાણીને એના એક મિત્રે પૂછીજ લીધું- ''દોસ્ત ! મારે જાણવું છે તું ખીસામાં શું લઇને ફરે છે ? વારે ઘડીએ એને બહાર કાઢિ શું જુએ છે ?''

'આ તો મારા ખીસામાં છબી રાખી છે ?' યુવાને જવાબ આપ્યો. ''છબી ? કોની છબી રાખી છે ?'' ઘડીએ ઘડીએ એની તરફ શું જોયા કરે છે.'' મિત્રે પૂછયું.

યુવાને સહજતાથી જવાબ આપ્યો-

"દોસ્ત ! એ મારા પરમ પવિત્ર પિતાશ્રીની છબી છે. બહુજ ભલા માણસ છે... બહુ જ આબરૂદાર છે... મારા ઉપર ઘણો પ્રેમ રાખવાવાળા છે. માટે જ વારે વારે એમની છબી જોયા કરું છું. જેથી કરીને તેની ભલી યાદથી મારાથી એમને માઠું લાગે એવું કોઇ કામ ન થઇ જાય."

એવી જ રીતે આપણે પણ પરમ કૃપાળુ પવિત્ર પરમાત્માના સ્મરણમાં સતત રહેવાનું છે જેથી આપણા જીવનમાં કે મનમા પ્રવેશેલા ખોટા કે ખરાબ વિચારો અને કાર્યોથી આપણે પોતાની જાતને બચાવી લઇએ. પાપથી બચવા પરમાત્માના નામને આપણા હૃદયમાં પૂર્ણ પ્રેમથી ભરી રાખો...

જે ક્ષણે પ્રભૂને ભૂલીએ છીએ એ ક્ષણે મનમાં અને જીવનમાં મલીન તત્વ પ્રવેશી આપણા જીવન વ્યવહારને અસ્તવ્યસ્ત કરી નાંખે છે. બચવું હોય તો પ્રભુને-પ્રભુના નામ સ્મરણને ક્ષણવાર પણ ભુલશો નહિં.

## 3 માંગણી-વાવણી

એક તીર્થ ભૂમિ હતી... તીર્થની બહાર એક સુરદાસ સુંદર ભજન લલકારતો અને ભીખ માંગતો, કોઇ-પૈસા આપે કોઇ પેરુ કે કેળા આપે. જે મળતું એમાં સુરદાસ રાજી હતો. એકદા એક શેઠ ત્યાંથી નિકળ્યા... સુરદાસના ભજન સાંભળી ઘણા ખુશ થયા... એના ૩-૪ ભજન સાંભળી એની પ્રશંસા કરી એના હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકી વિદાય લીધી.

સુરદાસ ગરીબ અને ગામડીયો હતો. એણે નોટ જોઇ તો ન હતી પણ નોટ વિષે સાંભળ્યું પણ ન હતું. શેઠે હાથમાં કાગળ પકડાવી દિધો જાણી ઘણો ખેદ કરવા લાગ્યો.વાહ વાહ કરી મફતમાં ભજન સાંભળી ગયો... જતાં જતાં મારા આંધળાની મશ્કરી કરતો ગયો. મને તો આશા હતી બે-ચાર દોઢિયા આપશે... એમ બબડતા-બબડતા મોઢું બગાડી ગુસ્સામાં ને ગુસ્સામાં નોટ ફેંકવા લાગ્યો. ત્યાં બાજુમાં બેઠેલા માણસે કહ્યું- "સુરદાસજી આ કાગળનો કટકો નથી એ તો પાંચ રૂપિયાની નોટ છે. રૂપિયાનું નામ સાંભળી પૂછ્યું- 'શું છે ?' ભલા ભાઇએ કહ્યું- 'સુરદાસજી ! એ કાગળનો કટકો નથી... પાંચ રૂપિયાની નોટ છે. સાચવીને રાખો. સુરદાસ પૂછે છે- "નોટ એટલે શું?" "નોટ એટલે સરકારી કાગળ... સરકારના રાજ્યમાં જ્યાં જાવ ત્યાં એના રૂપિયા મળી શકે." સુરદાસજી રાજી રાજી થઇ ગયા. નોટના કાગળને બરાબર સાચવીને ધોતિયાના છેડે બાંધી પાંચ-સાત ગાંઠો પાડી કહેવા લાગ્યો- "મેં તો ૨-૪ દોઢિયાની આશા રાખી હતી પણ શેઠ ઘણા દિલદાર નિકળ્યા... ઘણી મહેરબાની કરી પાંચ રૂપિયા આપ્યા...

હે ભવ્ય જીવો ! આપણી પ્રાર્થનાથી રાજી થઇને પ્રભુ પણ આપણને ઘણું જ આપે છે. પરંતુ આપણે સુરદાસ જેવા આંધળા અને અજ્ઞાન છીએ. પ્રભુ આપણને જે અલૌકિક વસ્તુ આપે છે તે આપણે ક્યાં સમજી શકીએ છીએ. પ્રભુ આપણને બે ચાર દોઢિયા કે કેળા-પેરુ નથી આપતા એમ આપણને લાગે છે અને પૂજા કરતાં ખેદ અનુભવીએ છીએ... પ્રભુ આપણને પાપથી બચાવે છે... અંતરશુદ્ધિ આપે છે.

માગણી કરતાં પ્રભુની આપણા જીવનમાં વાવણી અદ્ભૂત છે... અમૂલ્ય છે... જીવને શિવ બનાવનાર છે તો ચાલો ! પ્રભુની નિષ્કામ ભક્તિમાં લાગી જઇએ... અનાદિના માંગવાના ધંધા બંધ કરીને પ્રભુ જે આપે તેમાં રાજી રહિએ તો આપણો બેડો પાર છે.

## 4 ભક્તિ

તલમાં તેલ છે પણ તે તલને ઘાણીમાં પીલીને કાઢવું જોઇએ.

શેરડીમાં રસ છે, પણ તે શેરડીને સીચોડામાં પીલીને રસ કાઢવો પડે. દીવાસળીમાં અગ્નિ છે પણ તેને ઘસીને પેટાવવી જોઇએ. ઓષડમાં દરદોને દૂર કરવાની શક્તિ છે પણ તેને જાણીને વિધિસર વાપરવા જોઇએ. તેલમાં પ્રકાશની શક્તિ છે પણ તે માટે દીવો કરવો પડે. સૂરજમાં ટાઢ મટાડવાની તાકાત છે પણ તે માટે તડકામાં જવું પડે.

તેવી જ રીતે હે માનવી!

તારા હૃદયમાં પણ કુદરતી રીતે જ ભક્તિ છે.. ઇશ્વર છે...

પરંતુ પ્રયત્ન કરીને સત્સંગ-જ્ઞાન-ધ્યાન-નામસ્મરણ પરમાર્થ અને પ્રભુ સેવાથી એને બહાર કાઢવી જોઇએ...

## 5 પ્રભુનો મારગ

એક શિષ્યે પોતાના ગુરુને પૂછ્યું- ''મહારાજ ! પાપ ઇશ્વરી માર્ગમાં આગળ વધવા દેતાં નથી. તેનું શું કારણ છે ?''

ગુરુએ કહ્યું- ''વત્સ ! આપણા ઉપાનહમાં (જોડામાં/બુટમાં) એક નાનકડો કાંકરો ભરાઇ ગયો હોય તો પણ તે દૂર કર્યા વિના આપણે સરખી રીતે ચાલી શકતા નથી ત્યારે આપણા હૃદયમાં પાપો ભરીને આપણે કેમ આગળ વધી શકીએ ?'

કાંકરા કરતાં પાપ કેટલા ખરાબ છે ?

પગ કરતાં હૃદય કેટલું કોમળ છે ?

આલોકની સડકો કરતાં ઇશ્વરીય માર્ગ કેટલો કઠીન છે ?

અહીં તો ૨-૫ માઇલ ચાલવાનું છે ઇશ્વરીય માર્ગ તો કરોડો યોજનનો છે. એટલે જ કહેવાયું છે કે જેનાં પાપ કપાઇ ગયા છે... જેના સંશય મટિ ગયા છે... જેનું મન પોતાને વશ છે અને જે પ્રાણી માત્રનું ભલું ઇચ્છવાવાળો છે તે જ પ્રભુના માર્ગે ચાલી શકે છે.

# CHILDREN'S CORNER

## The Rarity of Human Birth

### 5. Example of Rādhā vèdha

Emperor Jītaśatru lived in Mathurā town. He once took a vow that, 'I will marry my daughter only to the prince who is able to win the competition of 'Rādhā (doll) – vèdha (pierce).'

The news was sent around far and wide; thousands of princes came for the competition. They had to look into boiling oil and aim at the eye of a wooden doll Rādhā tied to a pillar nearby revolving around amongst eight spiky wheels. No prince succeeded in this competition.

The Lord says: With practicing difficult austerity and self-control one may obtain divine skill and gain success in Rādhā-vèdha; but it is rare to have human birth again once a person wastes his life in laziness, merriment and material happiness.

How rare is the human birth! .....but we all have received it so simply!

No....no....Please don't make the mistake of thinking like this. At some point in previous lives we all have performed good deeds therefore we have received present human birth and rewarded with strength to perform good deeds again in this favourable environment. So, do not lose this opportunity O human to make this birth also successful!

Continue series of good deeds in this life, continue series of attaining a good life and through these efforts to achieve destiny of Siddhaness, so renounce merriment....become wakeful..... careful ......and dedicate yourself to perform good actions.......

### 6. Example of meal and burner (fireplace)

Once, lived a great king (Cakravartī) ....owner of 6 continents - main lands (Adhipati)...... A beggar was fortunate to be blessed by the king who told the beggar: "Ask! Ask for anything you want today; I am pleased with you."

"A blind person would ask for vision and a hungry person would ask for food" By this logic, the beggar asked the king, "I do not wish much. Please, make arrangements for me to get enough food everyday so that I do not remain hungry."

The pleased king announced in his kingdom that every day one family in his empire will feed this beggar. He started with his own royal kitchen.....

Years passed as the beggar travelled from one town-city to another receiving food from different families....but he never got delicious food like that served at the

king's kitchen. .....The beggar longed for the royal food again...but to fulfil his wish it was necessary that he has visited each house in the entire kingdom so then he could have the Royal meal.again.......

God of Gods, Śrī Arihaṅta says: It is possible that the beggar may get invited to some royal festival or after pleading he may be lucky to get royal meal at King's place again. But, a person due to laziness wastes his human birth it's rare to get rebirth as a human being again.

## 7. Example of Siddha-pāsā (divine-dice)

There lived a gambler.....he gambled all the time....day and night. But, there was something special about his life – he never lost – he was always a winner. What was the Reason for this? ...Because, he had Divine Dice (Pāsā). Due to the strength of miraculous dice, he always won what he wished.....in fact the other gamblers lost and left on their own..................................

......In the Lord's regime it is said that: It may be possible to defeat this gambler after acquiring some divine power and one can win.... but without spiritual uplift of our soul we waste this human birth and so also the opportunity to get birth of a human again......

## 8. Example of Fraud-Jugglery-Deceit

There was a town named Ratnapūra. It was ruled by a king named Śatāyudha. Once, the king's spies got some strange news for the king... They said, "O king, your son, the crowned prince, wants to murder you and grab the kingdom."

The king started thinking...."What to do"? He was perplexed..... But, now he understood that in this world how people play dirty games to achieve wealth and power. To safe guard his life from this fraud he found a solution. The king called the prince....made him sit next, and lovingly told his son, "My child, to acquire and rule this kingdom, one has to fulfil a condition. The one who fulfils this condition is considered lucky and gets the kingdom."

The prince asked..."Father what is this condition?"

The king replied to the prince,

"My child, in our assembly hall there are 108 pillars with 108 corners. The one who battles here with me, and, without any damage to these pillars emerges victorious, to him I will gladly offer (bestow) this kingdom."

On hearing this the prince was so stunned.....he could not answer at all.......

Śrī Arihaṅta says: After acquiring super power with special devotion-penance it may be possible to defeat the king, but those due to past good deeds who are born as human, if waste this human life with wrong doings cannot get the rare human birth again.

## 9. Example of seeds-grains

The earth is full of various grain crops. Imagine if all these grains are collected and heaped in one place.... and in that one handful of mustard seeds are added.... thoroughly mixed.....then a very old woman, with poor eyesight is called and ordered" ...............

"Oh old Mother! From these grains' collection please find and separate the mustard seeds at the earliest. Can this old lady succeed? "........Never"

God of gods, Śrī Jinèśwara Bhagvaṅta says:-

Perhaps, with some special processing it may be possible to find the mustard seeds easily......weed out separately... but it is rare to gain human birth once a person wastes this life in inaction, negligence and passion.

## 10. Example of Yuga-Śamilā

Yuga is Ghosrūṅ and Śamilā is the nail to be put in it.....

The region we live is known as Jambudvīpa, measures around 1, 00,000 yojana (1 yojana = 12-15 kilometres. It is surrounded by water on all sides, known as Lavaṇa Ocean. This Ocean is 2, 00,000 yojana wide. The circumference of the Lavaṇa Ocean is 16, 00,000 yojana. The water cupola in the centre is 16,000 yojana tall. Below are four big pots (underground Pātāḷa, abyss - kaḷaśa).... With the breeze, the cupola rises higher and higher in these pots..........


If in the Lavaṇa Ocean, a deity, just for fun game, throws the Ghosrūṅ on the east coast and the Śamilā on the West coast of this Ocean, and then wishes them to get connected, can this occur? Will it be possible?

The deity perhaps may have the above wish, but the continuous flow of water and strong breeze would never allow them to get connected.....so, when they cannot come together, the nail cannot enter the Ghosruṅ.

God of gods says that, it is possible that due to some miracle, the nail might enter and fit into the Ghosruṅ, but in this fiery worldly Ocean once the human birth slips away than finding it again is rarity.

We should ponder over these 10 examples and realize how rare human birth is and be careful not to waste it..... O human! Even if we gather all the money-wealth-property of the world, the value of even one day of human-life exceeds than all these riches. Thus, after receiving this precious gift.....even Anuttarā deities also long for human birth... we human should not waste our life time in material things and merriment but become alert and rather concentrate on worship and spiritual uplift.

# જ્ઞાન સુધારસ પીજે



(વીતરાગ સ્તોત્ર આધારીત)

પ્રશ્ન ૪૬ - વીતરાગ પરમાત્માનો 'નભચર પ્રદક્ષિણા' અતિશય કેવો છે ?

ઉત્તર- અજ્ઞાની પક્ષીઓ ઉજ્વળ ભવિષ્યની ભાવનાથી વીતરાગ પરમાત્માને પ્રદક્ષિણા આપે છે; પરંતુ વિવેકી હોવા છતાં જે મનુષ્યો પરમાત્માનો વિરોધ કરે છે એમની ગતિ શુ થશે... અધોગતિ જ થતી હશે...

પ્રશ્ન ૪૭ - વીતરાગ પરમાત્માનો પવનાનુકુલ્ય અતિશય કેવો છે ?

ઉત્તર- જો સ્પષ્ટ દ્રવ્યમન ન હોવા છતાં એકેન્દ્રિય વાયુ પરમાત્માને પ્રતિકુળ વહેતો નથી, તો આપના ચરણોમાં ઉપસ્થિત થયેલ પંચેન્દ્રિય, ત્રસ, હેય-જ્ઞેય- ઉપાદેય જ્ઞાતા મનુષ્ય તિર્યંચ અને દેવ પરમાત્માની આજ્ઞા, આચરણ, અને જ્ઞાન સાધનાને પ્રતિકુળ કેમ થઇ શકે- અર્થાત્ ન જ થાય.

પ્રશ્ન ૪૮- વીતરાગ પરમાત્માનો વૃક્ષ નમન અતિશય કેવો છે ?

ઉત્તર- વીતરાગ પરમાત્મા જ્યારે વિહાર કરે છે ત્યારે માર્ગના વૃક્ષો એમના ચરણોમાં નતમસ્તક બને છે ઝુકે છે. નમનીય ને નમન કરનારના જ મસ્તક આદિ અંગોપાંગ કૃતાર્થ છે... મિથ્યાદૃષ્ટિ અક્કડ જીવોના અંગોપાંગ નિરર્થક છે.

પ્રશ્ન ૪૯ - વીતરાગ પરમાત્માનો સુરાસુર સેવા અતિશય કેવો છે ?

ઉત્તર- વર્ષાની ઋતુ આવે ખેડૂત લાભ મેળવે છે... વેપારની સીઝન આવે વેપારી લાભ મેળવે છે... લૌકિક તક મળે તો મુર્ખ પણ લાભ પ્રાપ્તિનું લક્ષ્ય રાખે છે. ત્યારે પ્રકૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પરમાત્મ સેવાનો અલૌકિક અવસર પ્રાપ્ત થાય છે ત્યારે સુર-અસુર કરોડોની સંખ્યામાં આળસ, પ્રમાદ, શોભા-વિભુષા, નાટક-ગીત-સંગીત બધું જ ભુલીને છોડીને અદ્ભૂત લાભ લે છે તે પ્રસંશનીય, અનુમોનીય અને આચરણીય અવશ્ય છે જ.

પ્રશ્ન ૫૦ - વીતરાગ પરમાત્માનો અશોક વૃક્ષનો પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- પ્રાતિહાર્ય એટલે પ્રતિહારી જે સદા પ્રભુજીની સાથે હોય તથા જેમની રચના વૈમાનિક, જ્યોતિષ્ક અને વ્યંતર એ ત્રણ

નિકાયના દેવો પોતાના ભક્તિની અભિવ્યક્તિ માટે કરે છે. અશોકવૃક્ષ ભક્તિ ભાવથી ઝુમી રહ્યો છે. ભમરાઓની જેમ ગુંજન કરી રહ્યા છે... ગીત ગાઈ રહ્યો છે. હવાના ઝોકામાં પાંદડા જાણે નૃત્ય કરી રહ્યા છે... પરમાત્માના ગુણાનુરાગમાં રક્તવર્ણ બન્યો છે. આવો અશોક વૃક્ષ સર્વના શોકને દૂર કરીને પ્રસન્નતા વ્યક્ત કરી રહ્યો છે... વિશ્વના તાપ-સંતાપને દૂર કરવા ઉત્સુક છે.

પ્રશ્ન ૫૧- વીતરાગ પરમાત્માનો સુરપુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- વીતરાગ પરમાત્માની દેશના ભૂમિ સમવસરણની એક યોજન પ્રમાણ દેશના - પર્ષદામાં દેવો જાનુ પ્રમાણ પુષ્પ વૃષ્ટિ કરે છે. એમાં ડાળી નીચે હોય અને પુષ્પ ઉપર હોય. પરમાત્માનો અદ્‌ભૂત અતિશય પ્રભાવ છે જેથી પુષ્પાચ્છાદિત આ સમવસરણમાં કોટિ-કોટિ પ્રમાણ દેવ-દેવેન્દ્ર, નર-નરેન્દ્ર સ્વચ્છંદ પણે વિચરણ કરે છે છતાં યોજન પ્રમાણ ભૂમિમાં રહેલા પુષ્પોને જરા પણ વેદના થતી નથી. એ બધા પુષ્પો જન્મ સફળ બન્યાનો આનંદ અનુભવે છે.

પ્રશ્ન ૫૨- વીતરાગ પરમાત્માનો 'દિવ્યધ્વનિ' પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- વીતરાગ પરમાત્માની અમૃત તુલ્ય દિવ્ય દેશના.. માલકોશ રાગની મોહની.. પાપ-તાપ-સંતાપ સંહારિણી વાણી... સાથે દિવ્યધ્વનિ... દેવ-માનવ જ નહિં મૃગાદિ પશુ પણ ડોક ઉંચી કરીને હર્ષપૂર્વક પીએ છે... સાંભળે છે. જીવનની ધન્યતા અનુભવે છે.

પ્રશ્ન ૫૩- વીતરાગ પરમાત્માનો 'ચામર યુગલ' પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- વીતરાગ પરમાત્માની બે બાજુ ઢળાતા ચંદ્રોના કિરણ જેવા શુભ્ર ચામર એવી રીતે શોભે છે જાણે પરમાત્માના મુખ કમળની પાસે શ્વેત હંસો પ્રભુની સેવામાં ઉપસ્થિત થયા હોય નહિ ?

પ્રશ્ન ૫૪- વીતરાગ પરમાત્માનો 'સુવર્ણ-સિંહાસન' પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- વીતરાગ પરમાત્મા જ્યારે સૂવર્ણ સિંહાસન ઉપર બિરાજમાન થઈને ધર્મ-દેશના આપે છે ત્યારે મૃગ આદિ જન્તુઓ સાંભળવા એવી રીતે આવે છે જાણે મૃગ (હરણ) મૃગેન્દ્ર (સિંહ)ની સેવા/આજ્ઞાપાલન કરવા આવ્યો છે. સૂવર્ણ સિંહાસન ઉપરથી અપાતી દેશના જીવને શુદ્ધ-સાત્વિક અને આત્મરસિક બનાવી જીવનને સુવર્ણની જેમ ચમકાવે છે.

પ્રશ્ન ૫૫- વીતરાગ મરમાત્માનો 'ભામંડલ' પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- જ્યોત્સ્નાથી પરિપૂર્ણ ચંદ્ર જેવી રીતે ચકોર પક્ષીને આનંદ આપે છે તેમ ભામંડલથી

પરિવૃત્ત પરમાત્મા સજ્જનોને પરમાનંદ આપનારા બને છે. ભવ્ય જીવોના નેત્ર યુગલ પરમાત્માના મુખકમલ યુક્ત ભામંડલ ઉપર સ્થિર થઇ જાય છે હટવાનું નામ જ લેતા નથી.

પ્રશ્ન ૫૬- વીતરાગ પરમાત્માનો 'દેવ દુન્દુભિ' પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- દુન્દુભિનો નાદ જાણે એક સાથે સુર-નર-કિન્નર-પશુ-પક્ષી સમસ્ત જીવ સૃષ્ટિને પરમાત્માના ધર્મ સામ્રાજ્યનો સંદેશ પહોંચાડે છે. આ દુંદુભિનાદ કર્ણયુગલને શીઘ્ર આનંદની અનુભૂતિ આપનાર હોવાથી સામાન્ય નથી દિવ્ય છે.

પ્રશ્ન ૫૭- વીતરાગ પરમાત્માનો છત્ર પ્રાતિહાર્ય કેવો છે ?

ઉત્તર- વીતરાગ પરમાત્માની પુણ્યસમૃદ્ધિરૂપ સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિના ક્રમથી પરમાત્માની ઉપર ઉપર ત્રણ છત્ર સ્થિત (રહેલા) છે જે પરમાત્માના ત્રણ ભુવનના સ્વામિત્વને પણ જણાવે છે. છત્રત્રયની નિર્મળતા, દિવ્યતા, ધવલતા અને ભવ્યતા ઉત્તરોત્તર વધતી જાય છે.

પ્રશ્ન ૫૮- વીતરાગ પરમાત્માની આવી ચમત્કારી પ્રાતિહાર્યલક્ષ્મીને જોઇ કોણ આશ્ચર્ય પામે છે?

ઉત્તર- વીતરાગ પરમાત્માના ઉપરોક્ત પ્રાતિહાર્યલક્ષ્મીને જોઇને નાના-મોટા, રાજા-રંક, સંસારી-સાધુ બધાજ આશ્ચર્ય પામે છે. મિથ્યાદષ્ટિ જીવો પણ ચમત્કાર ભરપૂર પ્રાતિહાર્ય જોઇ આશ્ચર્યપામી ઘણીવાર સમ્યગ્દર્શનને પામી જાય છે.

પ્રશ્ન ૫૯- વીતરાગ પરમાત્મા પ્રત્યેક્ના કેવા ભાવ કેવા ફળને આપે છે?

ઉત્તર- વીતરાગ પરમાત્માની લાવણ્યમયી પુણ્યકાયા જેના બન્ને નેત્ર અમૃતથી અંજીત થયેલા છે. આવા નેત્ર પ્રત્યે ઉદાસીન ભાવ પણ ખેદ-પશ્ચાતાપ માટે થાય છે. તો આવા અમીરસ ભરેલા નેત્રો પ્રતિ દ્વેષભાવ અનર્થકારી બને છે. અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર બને છે.

પ્રશ્ન ૬૦- વીતરાગ પરમાત્મા પ્રત્યેના દ્વેષની વાર્તા (કિંવદન્તી) સાંભળીને વિવેકી જીવને શું થાય છે ?

ઉત્તર- વીતરાગ પરમાત્માના પણ કોઇ વિરોધી છે અને તે વિરોધી ક્રોધ માનાદિથી વીતરાગ પ્રત્યે દ્વેષ રાખે છે આવી વાર્તા (કિંવદન્તી) સાંભળીને પણ પ્રભુ ભક્ત-વિવેકશીલ જીવ શું જીવીત રહી શકે ? તે જીવીત રહી શકતો નથી.

પ્રશ્ન ૬૧- વીતરાગનો વિપક્ષી કોણ છે ?

ઉત્તર- વીતરાગ વીતરાગ છે એમના વિપક્ષમાં કોઇ જ આવી ન શકે. વીતરાગ વીતરાગનો પ્રતિસ્પર્ધી ન બની શકે. જો કોઇ રાગવાન અવીતરાગી હોવાથી અત્યંત વિસદશ હોવાથી વિપક્ષમાં ન આવે. કારણ કે સ્પર્ધા હમેંશા પ્રતિભાસંપન્ન, બળસંપન્ન અને

ધનસંપન્નમાં હોઇ શકે. શેઠ અને ભિખારીમાં સ્પર્ધા ન હોય. સૂર્ય અને જુગનૂમાં સ્પર્ધા ન હોય. વીતરાગની નજીક જે જાય છે એ એમનો પ્રતિસ્પર્ધી ન બનતાં ભક્ત બની જાય છે. તેથી વીતરાગનો વિપક્ષી કોઇ નથી.

પ્રશ્ન ૬૨- વીતરાગ પરમાત્માના સાનિધ્યની આકાંક્ષા કેવા યોગી કરે છે?

ઉત્તર- યોગ એટલે સ. દર્શન-જ્ઞાન-ચારિત્રની વિશુદ્ધતા.

યોગ એટલે મન-વચન-કાયાની નિર્મળતા.

વીતરાગ પરમાત્મા પાસે ક્ષાયિક સમ્યક્ત્વ, કેવળજ્ઞાન અને યથાખ્યાત ચારિત્ર છે. સર્વોત્તમ અને સર્વોત્કૃષ્ટ યોગના સ્વામી છે. જેવા પ્રકારના વીતરાગ પરમાત્મા યોગીન્દ્ર, યોગીરાજ, યોગપુરુષ છે એવા જ યોગીના રૂપમાં અનુત્તર વૈમાનિક દેવ પણ પ્રસિદ્ધ છે. અનુત્તર વિમાનના સર્વાર્થ સિદ્ધ વિમાનમાં તે શુદ્ધ-એકાવતારી, અત્યંત હળુકર્મી આત્માઓ ઉત્પન્ન થાય છે. જેમને પૂર્વભવમાં સાત ભવ પ્રમાણ આયુષ્ય વધારે મળ્યું હોત તો તે કેવળજ્ઞાન પૂર્વક સર્વકર્મક્ષય કરી એજ ભવમાં મોક્ષને પ્રાપ્ત કરી શકત. પરંતુ સાત ભવ આયુષ્ય ઓછું પડતા એક ભવનો વધારો થયો. આ દેવો નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ હોય છે. ગજબની યોગનિષ્ઠા હોય છે. આવા આ યોગી સ્વરૂપ વૈમાનિક દેવો પરમાત્માના ચરણ-શરણ અને આચરણની સ્પૃહા રાખે છે. એમના જેવા બીજા કોણ થઇ શકે?

હેમચદ્રાચાર્ય જેવા મહાપુરુષો સ્વયં લખે છે હે વીતરાગ ! હું આપને જ નાથ તરીકે સ્વીકારું છું... આપની સ્તુતિ અને ઉપાસના કરું છું કારણ આપ વિના આ ભવસાગરમાં કોઇ રક્ષક-ત્રાતા નથી. આવા જ મહાયોગીએ પરમાત્માના એકાંત સાનિધ્યને ઝંખે છે. બાકી જે યોગમાર્ગથી જ દૂર છે એમની તો વાત જ શી કરવી?

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૪)

જૈન દર્શનના સામાન્ય જ્ઞાનથી આધારીત પ્રશ્નો બે વિભાગમાં ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા'' અંતર્ગત મૂકવામાં આવ્યા છે. પ્રશ્નો બરાબર વાંચીને મોડામાં મોડા **૨૦ જુલાઈ ૨૦૨૧** સુધી નીચેના સરનામે મોકલવાના રહેશ. પ્રથમ ત્રણ વિજેતાને **રૂા. ૧૫૦, રૂા. ૧૦૦** અને **રૂા. ૭૫**ના ઇનામો મોકલવામાં આવશે. તથા **બધા સ્પર્ધકોના નામ આગામી અંકમાં છાપવામાં આવશે.** નીચેના સરનામે સ્પર્ધાના જવાબો મોકલાવશો.

**'' ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા -(૧૧૪) ''**

shilpaajani1@gmail.com પર ઇ-મેઇલ કરો. **અથવા**

Whatsapp Mo. 98211 13338

ઇ-મેઇલ થી મોકલાવેલ ઉત્તરપત્રો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા હોવા જરૂરી છે. સ્કેન કરી પણ મોકલી શકાશે.
આપનું નામ, સરનામું તથા કોન્ટેક્ટ નં. લખવાનું ચૂકશો નહીં.

## ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૪)''


**I નીચેના પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો : -**

**૧. ભીષ્મપિતામહે કોની પાસે દીક્ષા લીધી હતી ?**
**૨. કયા આચાર્ય ભગવંતની સાથે 'પૂર્વ' વિચ્છેદ પામ્યા ?**
**૩. સનત્કુમાર દેવલોકમાં કેટલા જિનાલય છે ?**
**૪. યોગીઓ માટે પાપ ધોવાનું તીર્થ કયું ?**
**૫. ઉત્તમ ચિંતા કઈ છે ?**
**૬. દિવસના અને રાતના પહેલા અને છેલ્લા પહોરમાં જ ભણાય તે સૂત્ર કેવા કહેવાય ?**
**૭. ગુણહેતુ અવધિજ્ઞાન કોને હોય ?**
**૮. આનંદ શ્રાવકે મુખવાસમાં 'પઞ્ચસૌગન્ધિક' મુખવાસની છૂટ રાખેલ એમાં કયા પાંચ દ્રવ્ય આવે ?**
**૯. અભવ્ય જીવ પૂર્વનો અભ્યાસ કરી શકે?**
**૧૦. આષાઢાચાર્ય કયા ગચ્છના આચાર્ય હતા ?**
**૧૧. ભાષાનું સંસ્થાન કેવા આકારનું હોય ?**
**૧૨. ભરત મહારાજા પછી અયોધ્યાના સિંહાસન ઉપર કોનો રાજ્યાભિષેક થયો ?**
**૧૩. શંકાથી ઋષિ હત્યાનું પાપ અને પશ્ચાતાપથી કેવળજ્ઞાન પામનાર કઈ નગરીના રાજા હતા ?**

૧૪. અર્થથી આગમ અરિહંત પરમાત્મા માટે કેવા છે ?
૧૫. યોગીઓને પાપ ધોવાનું તીર્થ ક્યું છે ?
૧૬. આપણને મળેલી વાણી પવિત્ર ક્યારે થાય ?
૧૭. તૃણથી તુચ્છ શું છે ?
૧૮. વાયુ કરતા વેગવાન કોણ છે ?
૧૯. કલેશ કેટલા પ્રકારના છે.
૨૦. ચંપકમાળા ક્યા શાસ્ત્રના જાણકાર હતા ?


II નીચેના કોઠામાં યોગ્ય નામ લખો -

A)





નવરસના નામ ગોઠવો

C)





પ્રસિદ્ધ અભવ્યના નામ લખો

D)




યક્ષકર્દમમાં આવતી વસ્તુઓના નામ લખો.

B)




ભગવાન મહાવીરસ્વામીના તીર્થમાં
તીર્થંકર નામકર્મ ઉપાર્જન
કરનાર પુણ્યશાળીઓ.

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૩)

**(ગતાંકના સાચા જવાબ)**

I (૧) સૂયગડાંગ (૨) વિષ્ણુકુમાર (૩) સંવેગ (૪) અનાભિગ્રહિક મિથ્યાત્વ (૫) સાદિ-પર્યવસિત (૬) સોળ (૭) સિદ્ધેશ્વર યોગી (૮) ત્રૈલોક્ય વિભ્રમ પ્રાસાદ (૯) મદનબ્રહ્મ (૧૦) ક્ષીરકદંબક (૧૧) શ્રી આદિનાથ પ્રભુ (૧૨) સા. સંપ્રતિષ્ઠિતા (૧૩) કંઠ દેશમાં (૧૪) સ્થિરા/થિરા (૧૫) વાદિ-મલ્લવાદિ (૧૬) ૧૨ મા દેવલોકમાં (૧૭) સયોગી કેવલી (૧૮) હર્ષકિર્તિસૂરિ (૧૯) ઉપાંશુજાપ (૨૦) પદ્મપૂર

II (A) (૧) પાણીહારું (૨) ખાંડણી (૩) સાવરણી

II (B) (૧) અપુનર્ભવ (૨) મહાનન્દ (૩) અક્ષર (૪) અમૃત
(૫) અપવર્ગ (૬) શિવ (૭) નિર્યાણ (૮) નિવૃત્તિ
(૯) નિશ્રેયસ (૧૦) નિર્વાણ (૧૧) શ્રેયસ

## પોસ્ટ દ્વારા મુક્તિ કૃપા

**મુક્તિ કૃપા ગ્રાહકોના એડ્રેસનું નવું લીસ્ટ બનાવવાનું કામ ચાલુ છે.**
**જે શ્રાવક-શ્રાવિકાઓ મુક્તિ કૃપાની છપાયેલી નકલ પોસ્ટ દ્વારા મેળવવા ઈચ્છતા હોય તેઓએ નીચે જણાવેલ ઈ-મેઈલ અથવા સરનામા ઉપર ફોર્મમાં વિગતો ભરીને વહેલામાં વહેલી તકે મોકલવા વિનંતિ.**

નામ.............................................................................................

સરનામું.........................................................................................

.....................................................................................................

ફોન / મો.નંબર............................

ઇ-મેઇલ (સ્વૈચ્છિક) ...........................................................................

**ઉપરોક્ત વિગત મોકલવા માટેના ઈમેઈલ એડ્રેસ -**

nkabivne@gmail.com અથવા

**સંપર્ક સૂત્ર -**

**NARANJI KANJI CHARITABLE TRUST,**
**2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX, KESHWAPUR,**
**HUBBALLI - 5800 23.**
**(KARNATAKA STATE) Mo. 9448350125**

## ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૨) માં
## ભાગ લીધેલ ભાગ્યશાળીઓના નામ તથા વિજેતાઓ :-

(૧) શ્રીમતી ગીતા દિલીપ છેડા (મુલુન્ડ)
(૨) શ્રીમતી નયના નરેન્દ્રૈ લાલકા (વાશી)
(૩) શ્રીમતી કૌશલ્યા વિજય મોમાયા (સોલાપુર)
(૪) શ્રીમતી મધુરી કીશોર ડાઘા (કોઈમ્બતુર)
(૫) શ્રીમતી મૃદુલા ડીનેશ દુડ (મુલુન્ડ)

### પ્રથમ વિજેતા

**શ્રીમતિ મૃદુલા ડીનેશ દંડ**
402, Manisha Elite,
V.P. road, Near Aditi hospital,
Mulund (west)
Mumbai - 400080

### દ્વિતીય વિજેતા

**શ્રીમતિ ગીતા ડી. છેડા**
D/4, Shreyans, block no. 304
Sarvoday P. Nagar
Jain Mandir Road,
Mulund (w)
Mumbai - 400 080.

### તૃતિય વિજેતા

**શ્રીમતિ મધુરી કિશોર ડાઘા**
"KASTURI" B/4 Ram's Nagar
P.N. Pudur,
Behind Bi-Metul Beasing
COIMBATORE-641041
Tamilnadu

## ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૧૩)નાં વિજેતા

### પ્રથમ વિજેતા

**શ્રીમતિ મધુરી કિશોર ડાઘા**
"KASTURI" B/4 Ram's Nagar
P.N. Pudur,
Behind Bi-Metul Beasing
COIMBATORE-641041
Tamilnadu

### દ્વિતીય વિજેતા

**શ્રીમતિ મૃદુલા ડીનેશ દંડ**
402, Manisha Elite,
V.P. road, Near Aditi hospital,
Mulund (west)
Mumbai - 400080